R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

# JYOTI PUNJ

FEBRUARY - 2019

Total - 40 Pages

Vol No. 62 Issue No.11



નંદ કે દ્વાર મચી હોરી
નંદ કે દ્વાર મચી હોરી ।।
ઉતટેં ઠાડે કુંવર કન્હૈયા, ઈત ઠાડી રાધેગોરી ।।
પાંચ બરસકો કુંવર કન્હૈયા, સાત બરસકી રાધેગોરી ।।૧।।
હાથમેં લાલ ગુલાલ ફેંટ ભર, ડાલત હૈ ભરભર ઝોરી ।।
સૂરદાસ બ્રજબાસિન કારન, અવિચલ રહીયો યહ જોરી ।।૨।






**રાગ - બસંત**

શ્રી ગિરિધરલાલકી બાનિક ઉપર, આજ સખી તૃન ટૂટૈ રી ।।
ચોવા ચંદન અગર કુઁમકુમા પિચકાઈન રંગ છૂટૈ રી ।।૧।।
લાલકે નૈના રગમગે દેખિયત, અંગ અનંગન લૂટૈરી ।।
'કૃષ્ણદાસ' ધન્ય ધન્ય રાધિકા, અધર સુધા રસ ઘૂટૈરી ।।૨।।

**શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત**

# શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ પુરસ્કૃત
# શ્રી ભરતભાઈ બાબુલાલ પરીખ (રોકડીયા)
# PRO T-10 Tournament (Leather Ball)

ક્રિકેટ આપણા લોહીમાં છે. ગર્વ અને આનંદ સાથે સંઘના સૌ ક્રિકેટર-મિત્રોને જણાવવાનું કે તમારા પ્રોત્સાહન અને ઉમળકા સાથે શ્રી બાલાસિનોર નવયુવક સંઘ યોજી રહ્યું છે

# PRO T-10 Tournament

**ટુર્નામેન્ટની સર્વ વિગત આ પ્રમાણે રહેશે.**

- **તારીખ : શનિવાર, તા. ૩૦મી માર્ચ, ૨૦૧૯ તથા રવિવાર, તા. ૩૧મી માર્ચ, ૨૦૧૯**
- **સ્થળ : પી.જે. હિન્દુ જીમખાના, મરીન લાઈન્સ**
- **ટોટલ ત્રણ ટીમ રમશે.**
- **દરેક ટીમના માલિક પાસે પંદર પ્લેયર્સ રહેશે.**
- **ટીમના માલિક દ્વારા દરેક પ્લેયર્સ લિલામ (ઓક્સન) ની રીતે પસંદગી પામશે.**
- **અમને ટોટલ અરજી આવશે તેમાંથી ફક્ત પીસ્તાળીસ પ્લેયર્સની પસંદગી થશે.**
- **દરેક ટીમ કુલ ચાર લીગ મેચ રમશે અને બે ટીમ ગ્રાન્ડ ફાઈનલ માટે નક્કી થશે.**

મિત્રો, ઉત્સાહભેર મેચ રમવા અને જોવા માટે આ આખું નવું ફોર્મેટ તૈયાર કર્યું છે. ટૂંક સમયની મેચ રમો અને મોટી જીત હાંસલ કરો.

અમારો સંપર્ક કરી ટુર્નામેન્ટમાં તમારું નામ નોંધાવો. આ માટે પ્લેયર દીઠ એની ફી રૂા. ૧૫૦૦/- રાખવામાં આવી છે. આમાં જ દરેક પ્લેયર માટે ટી-શર્ટ, ક્રેપ્સ, ચાર લીગ મેચ દરમ્યાન લંચ અને આગળ પસંદગી પામનાર માટે એક મેચનું વધારે લંચ. દબંગ વીનર ટીમ માટે ઢગલાબંધ ઈનામો સાથે રોકડ-ઈનામ પણ ખરા.

ક્રિકેટ મેચમાં ભાગ લેવા માટે આગળ આવો અને બે દિવસનો ભરપૂર આનંદ ઉઠાવો.

**જલ્દી થી જલ્દી નીચે જણાવેલ વ્યક્તિનો સંપર્ક કરી તમારી અરજી મોકલાવો.**

| | | |
|---|---|---|
| **રિકીટ મોદી** | **રોહન ધારીઆ** | **રોહન દેસાઈ** |
| **9820782804** | **9820806411** | **9833433993** |
| **અપૂર્વ ધારીઆ** | **રુચિત દોશી** | **ઉર્મિલ કડકીઆ** |
| **9833103506** | **9821068187** | **9819183379** |

**PAYTM દ્વારા તમે નીચેની વ્યક્તિનો સંપર્ક કરી પેમેન્ટ કરી શકશો.**
**રોહન ધારીઆ - 9820806411 રિકીટ મોદી - 9820782804**

**આ ટુર્નામેન્ટ ના નિયમો તથા સિલેકશન માટેની તારીખો તમને વહેલામાં વહેલી તકે જણાવીશું.**
**BNS Cricket ને તમારો મજબૂત સપોર્ટ આપો અને આ ઈવેન્ટને આપણે ભવ્ય સફળતા અપાવીએ.**
**તમારા સાથ અને સહકાર માટે ખાસ વિનંતી મંત્રી - ભાવેશ બીપીન મોદી સંયોજક - રિપલ પરીખ - 9820176092**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
|---|---|---|
| ૬૨ | ૧૧ | ૨૧-૦૨-૨૦૧૯ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

**બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)**
**(જુનાગઢવાળા)**
**જતીન દેસાઈ / પ્રશાંત પરીખ**
**તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ**

પત્રવ્યવહારનું સરનામું
**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેકટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

**મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)**
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


**તંત્રી સ્થાનેથી**

# માનવ શરીરના મહામૂલ્ય અંગોનું દાન

✍ **બંકિમ રજનીકાન્ત પરીખ (જુનાગઢવાળા)**

તમારા દિકરાની બંને કિડની ફેઈલ થઈ ગઈ છે.

ડૉક્ટર સાહેબ, મારી કિડની લઈ લો, પરંતુ મારી નજર સામે મારા દિકરાને કંઈ ન થવું જોઈએ. તેને બચાવી લો, તેનો સંસાર રઝળી પડશે. એક માતા ડૉક્ટર સામે કરગરે છે પરંતુ ઈચ્છા હોવા છતાં પણ ઘણીવાર જો ઘરની એક વ્યક્તિની કિડની તેના ઘરના પેશન્ટ સાથે મેચ ન થતી હોય તો આપી શકાતી નથી.

મૃત્યુની સાથે માનવદેહની આંખો, ચામડી જો બચાવી લેવાય તો કંઈ કેટલીયે જીંદગી ને નવો સહારો પ્રાપ્ત થઈ જાય છે, કહો ને નવી જીંદગી પ્રાપ્ત થાય છે. આવી જ રીતે બીજા અગત્યના અંગો પણ પેશન્ટના સંજોગો અનુસાર પ્રાપ્ત કરી શકાય છે.

માનવી માટે ઘણું બધું અશક્ય છે. તે ઘઉં, ચોખા, જુવાર, બાજરી વગેરે સર્વ ધાન્યો પોતાની રીતે ફેક્ટરીમાં બનાવી શકતો નથી. પાણી તેમજ સર્વ તત્વો બનાવી શકતોનથી. માનવ અંગો, માનવ દેહ બનાવી શકતો નથી. લોહી બનાવી શકતો નથી વગેરે વગેરે જીવતે જીવત આપણે સ્વતંત્ર રીતે લોહી તથા પ્લેટલેટ્સનું દાન કરીએ છીએ. ક્યારકે ક્યારેક ઘરમાં, સંબંધો માં આપણે કિડની તથા લીવરનું દાન આપીએ છીએ. પરંતુ અહીં તો આપણા મૃત્યુબાદ આપણા પૂર્ણ દેહનું દાન થાય તેવો તખ્તો પહેલે થી ગોઠવી દેવાનો છે.

સૌ પ્રથમ આપણે જાતે તૈયાર થવાનું છે. શરીરમાંથી પ્રાણ નીકળી ગયા પછી આ શરીરનું પિંજરું આપણે માટે નકામું થઈ જવાનું છે, પરંતુ એના અંગો જીવન જીવતાં દેહ માટે સો ટચના સોના જેટલા ઉપયોગી છે. કંઈ કેટલાય લોકોના શરીરના અંગો અકસ્માતમાં, રોગોથી, અન્ય રીતે નકામા થઈ જતાં હોય છે. શેષ જીવન માટે તેમને નવા અંગોની જરૂરીયાત થઈ પડે છે, અને ત્યાં પણ બધે લાંબી લાઈન જ લાગી હોય છે. તેની સામે આવા અંગ-દાન, અવયવ-દાન કરવાવાળા ની સંખ્યા ખૂબ જૂજ છે.

શરીરનાં અંગોના દાન માટે દેહ-દાન માટે લોકોમાં જાગૃતિ તથા પ્રોત્સાહનની ખાસ જરૂર છે. આ માટે આ બાબતના જાણકાર લોકોએ ખાસ અંગતરસ લઈને કાર્ય કરી શકાય છે. સ્કૂલો, કોલેજો, પબ્લિક પ્લેસ, સર્કલમાં, અન્ય ગ્રુપમાં, સામાન્ય સભા તથા શોકસભામાં આ બાબતની જાણકારી તથા સંદેશા પાઠવી લોકોને પાયામાંથી તૈયાર કરવાના હોય છે. જે કિંમતી અંગો છેવટે બળીને ભસ્મ થઈ જાય છે. તે બીજી અનેક જીંદગીનો સહારો બની શકે છે.

આંખ એ આપણા શરીરનું રતન છે. તેને જીવનભર સાચવવી એ આપણી ફરજ છે. મૃત્યુ પહેલા પેશન્ટે આંખના ડોનેશન માટે સંમતિ આપી હોય અથવા તેના મૃત્યુ બાદ કેવી રીતે આંખો સાચવવી તે આપણે જોઈશું. આ ક્ષેત્રમાં ખૂબ જ નિષ્ઠાપૂર્વક ઉમદાકાર્ય કરી રહ્યા છે. અમારા શુભચિંતક અને મિત્ર રોટેરીયન ડૉ. ગિરીશભાઈ ત્રિવેદી નિઃસ્વાર્થ સેવા આપનાર ગિરીશભાઈ સાથેની મારી મુલાકાત પછી અવયવ દાન, દેહ-દાન વિશેની વિસ્તૃત માહિતી જે પ્રાપ્ત થઈ છે તેની રજૂઆત કરીએ.

પ્રાણપંખેરું ઊડી ગયા પછી દેહમાંથી સૌથી અગત્ય ના અંગે લેવા પ્રત્યે સજાગતાં કેળવવી. આંખ અને ચામડી માણસનાં મૃત્યુ પછી ૬ થી ૮ કલાક ટકી શકે છે. ત્યારબાદ તે ખરાબ થવા લાગે છે. માણસનું મૃત્યુ થયું છે તેવું ડૉક્ટર દ્વારા જાહેર થયા બાદ આ બંને અંગના દાન થઈ શકે છે. આ માટે નજીકની આંખની બેંકમાં ફોન કરવો. આ અંગેનો નિર્ણય લેવાઈ જાય અને પેશન્ટ, વ્યક્તિ ઘરમાં ગુજરી ગઈ હોય તો ડૉક્ટરની ટીમ આવે ત્યાં સુધી શું કાળજી લેવી? માથું ઊંચુ રાખવા ગુજરી ગયેલ વ્યક્તિના માથા નીચે તકિયો રાખવો. તેની ઉઘાડી આંખો બંધ કરી દેવી, તેમજ બન્ને આંખો પર સાદા પાણીમાં પલાળેલું કાપૂસ અથવા રૂમાલ મૂકી દેવો. વ્યક્તિની ડેથ સર્ટિફિકેટ અથવા ઝેરોક્ષ કોપી તૈયાર રાખવી. તેમજ તે રૂમમાં પંખો બંધ રાખવો. જ્યાં પેશન્ટને સૂવાડયો હોય.

ડૉક્ટરની ટીમ આવીને ફક્ત પંદર મિનિટમાં જ આંખો કાઢી લે છે. આંખની જગ્યાએ કોટન મૂકી પ્લાસ્ટિકના લેન્સકવર બેસાડી દે છે. આ આંખો ને આંખની બેંકમાં લઈ જવામાં આવે છે. ત્યાં આંખનો કોર્નિયા કાઢી લઈ તેના પર પ્રોસેસ કરાય છે. જો કોર્નિયા સારો તંદુરસ્ત નીકળે તો ડોનરના ફેમિલીને જાણ કરાય છે. ત્યારબાદ ઓપ્થેમોલોજીસ્ટ તે કોર્નિયા ને જરૂરિયાતમંદ કોર્નિયલી-અંધ વ્યક્તિમાં ટ્રાન્સપ્લાન્ટ કરે છે.

જો કોઈ મૃતદેહમાંથી ચામડીનું દાન પ્રાપ્ત થાય તો તેના દ્વારા ત્રણ દાઝેલા પેશન્ટોને બચાવી શકાય છે. સ્કીનબેંકમાં દાન માં અપાયેલી સ્કીન પાંચ વર્ષ સુધી સાચવી શકાય છે. મોટેભાગે સ્કીન (ચામડી) પગ, જાંઘ તથા પીઠના ભાગમાંથી લેવામાં આવે છે. ડર્મેટોમ (Dermatome) ના સાધન દ્વારા આ પ્રાપ્ત થયેલ સ્કીનનું હાર્વેસ્ટીંગ કરવામાં આવે છે. ચામડી લેતી વખતે ફક્ત ઉપરના આઠમા ભાગના લેયર (પડ) જ લેવામાં આવતા હોય છે. દાઝેલા પેશન્ટ પર સ્કીનનું ગ્રાફ્ટીંગ કરવામાં આવે છે.

ડૉક્ટરોની ટીમ દ્વારા જ્યારે પેશન્ટ ને બ્રેઈન ડેડ જાહેર કરાય ત્યારે જ અવયવ-દાન શક્ય બને છે. શર્ત એટલી કે બ્રેઈન ડેડ થયેલ પેશન્ટ ત્યારે હોસ્પિટલમાં ICU માં વેન્ટિલેટર પર હોવો જરૂરી છે. બ્રેઈન ડેડનો સીધો અર્થ એ છે કે વ્યક્તિ મૃત્યુ તરફ ધકેલાઈ ગયો છે. તેના બચવાનો ચાન્સ ઝીરો હોય છે.

અવયવ-દાનમાં મુખ્ય હાર્ટ, બે કિડની, બે ફેફસા, લીવર, પેન્ક્રીયાઝ, પાર્ટ ઓફ ધ ઈન્ટેસ્ટાઈન મુખ્ય છે. મુંબઈમાં મુખ્ય બે હોસ્પિટલોમાં બોડી ડોનેટ કરી શકાય છે. કેઈએમ હોસ્પિટલ તથા સાયન હોસ્પિટલ. અવયવ દાન ૨૨ હોસ્પિટલમાં થાય છે. અવયવ-દાન તથા બોડી-દાનમાં બોડીને લેવા ડૉક્ટરોની ટીમ ઘરે આવતી નથી પરંતુ વ્યક્તિના મૃત્યુ પછીના ૬ થી ૮ કલાકમાં જ મૃતદેહને આ હોસ્પિટલમાં પહોંચાડવો પડે છે. આ બોડી ભવિષ્યના ડૉક્ટર્સ એટલે તે મેડિકલ સ્ટુડન્ટસને અપાય છે. બોડીનું દાન કરતાં પહેલાં આંખ તથા ચામડીનું દાન ઘરે જ કરી શકાય છે અથવા આ પણ ત્યાં જ કરી શકાયછે. મુંબઈમાં હજુ બોડી મળી રહે છે પરંતુ ગામડામાં આની પુષ્કળ અછત વર્તાય છે.

## બ્રેઈન-ડેડ એટલે શું ?

આવી વ્યક્તિમાં બ્રેઈન સ્ટેમ ડેમેજ થઈ જાય અને તે વ્યક્તિના બચવાના ચાન્સ ઝીરો, નીલ થઈ જાય, પણ અમુક સમય સુધી તેનું હાર્ટ કામ કરતું હોય છે. તેના પલ્સ ફીલ કરી શકાય છે. જો વ્યક્તિને વેન્ટીલેટર પર મૂકીને બરાબર અવયવોને ઓક્સિજન, બ્લડ સપ્લાય આપવામાં આવે તો આગળ જણાવેલ સાત અંગોનું દાન

કરી શકાય છે.

બ્રેઈન-ડેડ કેસમાં ચાર ડૉક્ટર્સની ટીમ નક્કી કરે છે કે વ્યક્તિ બ્રેઈન-ડેડ છે કે નહીં? (૧) ન્યુરોલોજીસ્ટ (૨) ઈન્ટેન્સીવીસ્ટ (૩) કાર્ડિયોલોજીસ્ટ (૪) ન્યુરોસર્જન.

બ્રેઈન-ડેડ ડિકલેર થયા બાદ ફેમિલી કાઉન્સેલીંગ થાય છે. જો ફેમિલી એગ્રી કરે તો અવયવનું દાન સ્વીકારાય છે. દાન માં પ્રાપ્ત થયેલ અવયવ કોને લાગુ પડશે તે ZTCC  નક્કી કરી છે. ZTCC એટલે ઝોનલ ટ્રાન્સપ્લાન્ટ કોર્ડિનેશન કમિટી.

છેલ્લા રિપોર્ટ મુજબ મુંબઈમાં ગયા વર્ષે ફક્ત ૪૮ જ અવયવ-દાન પ્રાપ્ત થયા છે.

મૃત્યુ પછી જે આગમાં ધૂળધાણી ને રાખ-પાણી થઈ જવાનું છે તે જો સાચવી લેવાય, દાન દેવાય તો કેટલાય રઝળી પડેલા, અકસ્માતમાં ઘવાયેલા લાઈનમાં કાગડોળે રાહ જોતા પેશન્ટોની જીંદગી બચાવી શકાય, ઉગારી લેવાય. તેમને તેમના પરિવાર સાથે પાછાં આનંદ-ઉલ્લાસ કરતાં જોઈ શકાય.

☆ ☆ ☆ ☆ ☆

# સંક્રાતીનું ફળ (૨૦૧૯)

આ વખતે સંક્રાતિનું આગમન દક્ષિણમાંથી અને ગમન ઉત્તર તરફ હોવાથી ઉત્તરીય પ્રાંતોમાં અશાંતિ વર્તાશે જ્યારે દક્ષિણ તરફના પ્રદેશોમાં વર્ષના પુર્વારાર્ધમાં તકલીફ રહે. ત્યારબાદ શાંતિ વર્તાશે, મુખ પશ્ચિમ તરફ અને દ્રષ્ટિ ઈશાન તરફ છે તેથી આ તરફના પ્રદેશોમાં ખાસ ભારતના અને દુનિયાના ઉત્તર અને ઈશાન દિશાના દેશ પ્રદેશોમાં કુદરતી કે માનવસર્જીત આફતોની સંભાવના રહે. સિંહ અને હાથી વર્ગના પશુઓને ત્રાસ મળે સાથે સાથે મોટા પ્રીમયમ વાહનો અને ડમ્પર તથા ક્રેન જેવા વાહન મોટા કદના વાહનો મોંઘા અને આ પ્રકારના વાહનો ખોટકાવાનો બનાવ વારંવાર બને. સફેદ રંગના વસ્ત્રો અને વસ્તુઓ તથા રંગ મોંઘા થાય. સફેદ રંગનું કાપડ તથા યાર્ન મોંઘા થાય. વય બાળા હોવાથી બાલા વયની દીકરીઓમાં શારીરિક ત્રાસનું પ્રમાણ વધે ભક્ષણ અનાજનું હોવાથી અનાજનું હોવાથી અનાજ અને અનાજમાંથી બનતી તમામ વસ્તુઓ મોંઘી થાય. તિલક કસ્તુરીનું હોવાથી કસ્તુરી મોંઘી થાય. આ આખા વર્ષ દરમ્યાન મોટા ભારી અને મોટા કદના પશુઓમાં રોગચાળો અને ત્રાસ વધે. જે વ્યક્તિઓ બેઠેલી સ્થિતીમાં કામકાજ કરનારા હોય તેમને શારીરિક તકલીફો થાય. આભૂષણ પવાલનું હોવાથી આ રત્નો તથા દરીયાઈ વનસ્પતિ મોંઘા થશે. ભોજપાત્ર સોનાનું હોવાથી આ સોનું મોંઘુ થાય, સોનાના આભૂષણો મોંઘા થાય તે ઉપરાંત તેનો ઉપયોગ થતો હોય તેવી તમામ વસ્તુઓની કિંમત વધે. સમુદાય મુહૂર્ત ૩૦ સામ્યાર્ધ હોવાથી મોંઘવારી ઉત્તરોત્તર વધતી રહી, શેરબજારમાં ગ્રેન અને કોમોડીટીઝમાં આખા વર્ષ દરમ્યાન મોટા ફેરફાર વર્તાશે. આયુધ ભુશંડી પ્રકારના હાથમાં પકડી વાપરવામાં આવતા શસ્ત્રો મોંઘા થાય અને ખોટકાય. વૈશ્ય જેવી વ્યાપારી પ્રજા સુખી થાય. એકંદરે આ વર્ષે મોંઘવારી કાબુમાં ન રહે અને સામાન્ય પ્રજાને મોંઘવારી બેકાબુમાં રહેતા ઉચાટમાં વર્ષ પસાર થાય. આ વર્ષ દરમ્યાન કરચોરો, કૌંભાડ કારી તથા કાળા બજારીયા તરફ સરકારની હજી વધુ કડક કાર્યવાહી નો સંકેત મળે છે. સાથે સાથે દેશના શાસક નેતા માટે આ વર્ષ તકલીફ દાયક શારીરિક, માનસિક, શત્રુઓ તથા વિરોધી તરફથી ષડયંત્રોના અશુભ સંકેતો મળે છે. ✤✤✤

# ધીરજના ફળ

✍ શૈલેષ દેસાઈ

આજના માણસને નિરાંત નથી. જિંદગીની આટાપાટમાં જ્યાં જુઓ ત્યાં દોડાદોડી કરી રહ્યા છે. અંતે બધુ તુરંત જ જોઈએ છે. ટ્રેન માટે એ દોડે છે. બસ પકડવા દોડે છે. બાળકોને સ્કુલમાં મુકવા તેમજ એડમીશનસ માટે દોડાદોડી છે. ટ્રાફીક પોઈન્ટ પર લાલ લાઈટ જોઈને પોતે લાલ લાલ થઈ જાય છે. ક્યારે સિંગનલ હઠે ને નીકળી જાય.

હવા વગરની કોઈ જગ્યા નથી તેમ ટેન્શન વગર કોઈનું જીવન નથી. ગૃહીણીને સાંજે રસોઈ બનાવવાની ઉતાવળ, પતિને કમાવાનું ટેન્શન, કર્મચારીઓને કામનું ટેન્શન.

ટેન્શન ટેન્શન ટેન્શન દુર કરવાનો કોઈ ઉપાય ખરો. કુદરતમાં ક્યાય ઉતાવળ નથી બાળકને નવ મહિના ગર્ભમાં રહેવું પડે છે. કોઈ ઝાડ ઉપર તરત ફળ નથી બેસતું. શિયાળામાં બોર, ચોમાસામાં જાંબુ વગેરે. આના અનેક ઉદાહરણો ધીરજ સમાજવામાં પર્યાપ્ત છે. બસ માટે ગમે તેટલી ઉતાવળ કરો પણ આવે ને જાય તેના નિયમ પ્રમાણે.

ઈંડામાંથી સીધુ પક્ષી ઉડી જતુ નથી. ઉતાવળે કરેલા કામમાં કોઈ ભલીવાર નથી હોતો. દરેક કામનો એક સમય હોય છે. ધીરજથી આપણામાં સ્વસ્થતા આવે છે. ધીરજથી કરેલા કામમાં સંતોષ પ્રગટ થાય છે. એક પુષ્પમાંથી નાની નાજુક કળીમાંથી કેવી ધીરે ધીરે ખીલે છે. આ ફુલ બની પછી સુવાસ ફેલાવે. એમ આપણે પણ જીવનમાં જેનો સમય જ્યારે હોય ત્યારે જ ફળ મળે છે. કેસર કેરીની મજા ઉતાવળમાં જ આવે છે. એથી તો કહ્યું છે કે

પ્રભુએ ઉગે મોગરો, ઋતુ એ આવે ફૂલ

ઋતુ વિનાનુ ચાહીએ એ તો ધૂળનું ધુળ. આપણે ધીમે ધીમે ચાવીને ખાઈએ તો કોળીયો વધુ મીઠો લાગશે. પાચન ક્રિયા સરળ બને છે અને બળ મળે છે. હરીફાઈ થતી હોય તેમ કોળીયો ગળે ઉતરી જાય છે.

**ધીરજ ધર્મનો ગુણ છે, ધર્મ કરે ભલાઈ**
**છોડી ધીરજ જેમણે જીવન કરે જુદાઈ**

શબરીને દર્શન આપવા જ પડયા. જે કુશળતા મેળની એની ખુબ દ્રોણાચાર્ય ચકિત થઈ ગયા. વિશ્વામિત્રની કસોટીમાંથી રાજા હરિશચંદ્ર પાર થઈ ગયા. બાળક ધ્રુવે ધીરજ પૂર્વક એક પગ અધ્ધર રાખી તપ કર્યું તો મનોવાંછત વરદાન મળ્યું. પાંડવોએ વનવાસમાં વખતે રામાયણમાં લક્ષ્મણની ઉત્તમ ઉદાહરણ છે. રામચંદ્રજીએ દર્શન આપવા જ પડયા. ખેતરમાં વાવણી કર્યા પછી પાકની લહાણી સુધી ખેડૂત ધીરજ રાખે છે. કુંભાર માટીના વાસણો બનાવી તેને સુકાવવા કે પકાવવા ધીરજ રાખે છે. કોઈ વિદ્યાર્થી પહેલા ધોરણમાંથી સીધો ડૉક્ટર કે વકીલ નથી બની જતો. ક્રમશ બધી પરીક્ષા આપવી પડે છે. ધીરજનો ગુણ અપનાવી લો તો સુખ સામેથી તમારું સ્વાગત કરવા ઊભુ છે ભલે પધાર્યા.

શેરડીના સાંઠો અને ચોખ્ખા ઘી નો શીરો બે એક સાથે નથી ખાઈ શકતા. બધા જ દરવાજા બંધ થઈ ગયા ત્યારે ધીરજને વગળી રહેજો કદાચ એ પળથી નસીબ ચમકતુ જાય છે. ધીરજ પણ ધીરજ ખુટી જાય એટલી ધીરજ રાખજો.

સફળતા તમારા હાથમાં છે. શ્રીમદ્ ભગવત ગીતામાં ખુદ શ્રીકૃષ્ણ ભગવાન અધ્યાય ૧૦ ના ૩૪ માં શ્લોકમાં ધીરજને વિભુતી ગણાવે છે.

સુખી થવા ધીરજ રાખવી જ જોઈએ.

આજે ટેકનોલોજી વધી છે. આધુનિકતા દીન પ્રતિદિન વધી રહી છે. સુવિધા અને સગવડતા વધી છે પરંતુ દુઃખ અને ઉપાધી વધતી હોય તેવું લાગે છે. ઉકળાટ અને અશાંતિ વધી રહ્યાં છે. માણસ ફક્ત ટેન્શનમાં જીવે છે.

આજનો માણસ સવારથી રાત્રી સુધી દોડે છે, હાંફે છે, જીવે છે દુઃખી થાય છે અને મરી જાય છે. આ લઘુકથા છે.

આજે પરિવારમાં આર્થિક કટોકટી વધી છે. તેને કારણ માણસ હતાશ થઈને જીવે છે. ઘરમાં કંકાસ-


સ્વ. રમતીબેન ઓચ્છવલાલ ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ

ઝગડા, આત્મહત્યાઓ વધી રહી છે. તમે આ માટે શાંતિથી વિચારો.

આ બધાના મૂળમાં ઉતાવળીયો સ્વભાવ છે. આપણી ધીરજ ખુટી ગઈ છે.

આપણને બધાને એકદમ સોલ્યુશન જોઈએ છીએ. તુરંત પરિણામ જોઈએ છે. દરેક કામ એકદમ થઈ જવા જોઈએ. સફળતા પણ એકદમ મળી જતી નથી. પૈસા એકદમ મળી જવા જોઈએ. સફળતા પણ એકદમ મળી જવી જોઈએ. બંગલાઓ સારી ગાડીના માલિક હોવા જોઈએ. ધીરજ રાખવી નથી. અને હાથે કરીને અનેક સમસ્યાઓ ઊભી કરે છે. આ બધુ પ્રાપ્ત કરવા જોઈતી મહેનત કરવી નથી. અને શોર્ટકટ રસ્તાઓ શોધીએ છીએ. તેથી વડીલો કહે છે કે ધીરજના ફળ મીઠા હોય છે.

કાર્યમાં નિષ્ફળતાં મળતા કાર્ય પડતું મુકીને બીજા કાર્યનો પ્રારંભ કરીએ છીએ. વેપાર ધંધામાં નુકાશન જતાં બીજો ધંધો ને ત્રીજો ધંધો કરવા જાય છે. આમ એકેય ધંધામાં સફળતા મળતી નથી. ઘણા માણસો લાંબો વિચાર કર્યા વગર દોટ મૂકે છે. ધંધો બરાબર ચાલે નહી એટલે દેવામાં ડૂબી જાય છે. ને આત્મહત્યા કરવા પ્રેરાય છે. કોઈપણ કાર્ય ઉત્તમ તૈયારી કરીને શરૂઆત કરવી જોઈએ. ઘરના બીજા મેમ્બરોએ પણ ધીરજ રાખવી જોઈએ. ને કમાનાર પર દબાણ ન કરવું જોઈએ. સ્વામિનારાયણ ભગવાને પણ શીક્ષાપત્રમાં ૩૬ માં શ્લોકમાં કહ્યું છે કે કાર્ય કોઈ ઉતાવળથી ના કરવું જોઈએ. આ સંદેશ  જીવનમાં ઉતારીશું તો સુખી થવાયછે. એક કાર ના ગીયર એક પછી એક બદલવા જોઈઅ પણ એકદમ ત્રીજા કે ચોથા ગિયરમાં ચલાવવા જઈશું તો અકસ્માતને નોતરીશું. મહત્વના થવું એ સારુ નથી પણ સારુ થવુ એ જ મહત્વનું છે. કેટલું વાંચ્યું એ મહત્વનું નથી પણ વાંચીને જીવનમાં કેટલું ઉતાર્યુ એજ મહત્વનું છે. કેટલું કમાયા એ મહત્વનું નથી પણ દાન કેટલું કર્યું એ જ મહત્વનું છે. કેટલું ભણ્યા પણ કેટલું ગણ્યા એ જ મહત્વનું છે. કથા પછી કેટલુ આચરણ કર્યું એજ મહત્વનું છે. કાર્યોમાં સફળતા માટે ધીરજ મહત્વની છે. ★★★

# નિયતિ

✍ રાજેશ કડકીઆ

અમદાવાદ રેલ્વે સ્ટેશન ૧ નંબરનાં પ્લેટફોર્મ પરથી મુંબઈ જવા રવાના થયેલ ગુજરાત મેલ ધીમે ધીમે ગતી પકડી રહ્યો હતો. બારી પાસે બેઠેલી નિયતિ પ્લેટફોર્મને દૂર જતું નિહાળી રહી હતી. ડબ્બામાં સૌ કોઈ પોતાની નિયત બર્થ પર પહોંચી ગયા હતા. નિયતિની બરાબર સામેની નીચેની જ બર્થ ખાલી હતી. મણિનગર સ્ટેશનથી પસાચેક વર્ષની ઉંમરના લગભગ ૬ ફૂટની ઉંચાઈ ધરાવતા જનક દવેએ ડબ્બામાં પ્રવેશ કર્યો. બિઝનેસની અગત્યની મિટિંગ માટે તે ઘણાં વર્ષો બાદ આજે સવારે જ ગુજરાત મેલ દ્વારા અમદાવાદ આવ્યો હતો અને કામ સફળતાપૂર્વક પાર પડયા બાદ અત્યારે તે જ ગાડીમાં મુંબઈ પરત જઈ રહ્યો હતો.

જનકે હાથમાં પકડેલી હેન્ડબેગ સીટ નીચે મૂકીને પોતાની નિયત જગ્યા કન્ફર્મ કરીને નિયતિની બરોબર સામે બેઠક લીધી. અચાનક જનકનું ધ્યાન સામેની સીટ પર બેઠેલી યુવતી પર પડયું, જે બારીની બહાર અંધારામાં પણ દૂર-દૂર નજર કરીને તાકી રહી હતી. જનકને તે યુવતીની મોટી આંખો તથા જોવાની સ્ટાઈલ પરથી જાણીતી લાગી. બન્નેની નજર એક થઈ એટલે પેલી યુવતીએ હળવું સ્મિત કર્યું. જનકને તેનું સ્મિત પણ અત્યંત ચિરપરિચિત લાગ્યું. આ યુવતીને આજે પ્રથમ વાર જ નિહાળી રહ્યો હતા છતાંય કેમ તેને અગાઉ ક્યાંક જોયાનું સ્મરણ તાજું થયું.

'એકસક્યુઝ મી' અંકલ એટલું બોલીને પેલી યુવતી ઊભી થઈ એટલે જનકે તેના ફેલાયેલા પગ સંકોચી લીધા. તુરત જ પેલી યુવતી પડદો પાડી ઉંઘી ગઈ. એ.સી. કોચમાં એ.સી.ની અસર ધીરે ધીરે વાતાવરણમાં માદકતા ફેલાવી રહી હતી. કોચનાં તમામ યાત્રીઓ લગભગ નિદ્રાધીન થઈ ગયા હતાં.

આખા દિવસની રઝળપાટનો અત્યંત થાક લાગ્યો હોવા છતાં કોણ જાણે કેમ જનકની આંખોમાં ઉંઘ આવી ન હતી. તેની આંખોમાં ઉંઘનું સ્થાન અતીતે લેવા માંડયું હતું. આ એ જ અમદાવાદ શહેર હતું જ્યાં વર્ષો પહેલાં તે જાન જોડીને ક્ષમાને પરણવા મુંબઈથી આવ્યો હતો. અરે... પણ અચનાક ક્ષમા કેવી રીતે યાદ આવી ગઈ ? એ પણ આટલા વર્ષો બાદ. ક્ષમા યાદ આવવાનું કારણ અમદાવાદની આબોહવા તો હરગિજ ન જ હતું. આખરે જનકને વ્યથિત મને ક્ષમાને યાદ આવવાનું કારણ પકડી પાડયું. હા, પેલી સામેની બર્થવાળી યુવતી અસલ ક્ષમા જેવી જ દેખાતી હતી. તેનો ભીનોવાન, પરંતુ નમણો-નાજુક ચહેરો, મોટી આંખો તથા તેના વડે જોવાની સ્ટાઈલ (અદા) બિલકુલ ક્ષમાની જ જાણે યાદ અપાવી રહ્યાં હતાં.

જીવનમાં ક્યારેક અમુક સંબંધો આકાશમાંથી ખરતા તારાની જેમ તૂટી જતાં હોય છે. ક્ષમાને પણ ઘર છોડીને ગયે લગભગ અઢી દાયકા થવા આવ્યા હોવાં છતાંય તેની યાદ દિલની કોઈક અજાણ ખૂણે સુષુપ્ત લાગણીની જેમ ધરબાઈ રહેલી લાગી રહી હતી.

આટલાં વર્ષોમાં જનકે ક્યારેય ક્ષમાને ભૂલેચૂકે યાદ ન હતી કરી. ક્ષમા-જનકની પત્ની હતી. નામ પ્રમાણે ગુણવાન અને હંમેશા દરેકને ક્ષમા આપવામાં જ માનતી હતી. પતિ-પત્ની અલગ થયાં ત્યારે પણ તે માત્ર એટલું જ બોલી હતી 'જનક ભગવાન આપને સદૈવ સુખી રાખે.'

જો કે ત્યારે જનકને ક્ષમા શું બોલે છે, તે સાંભળવામાં બિલકુલ રસ ન હતો, કારણ કે તે મોહાંધ હતો તેની અંગત સેક્રેટરી મોનિકાના મોહપાશમાં સંપૂર્ણપણે લપેટાઈ ગયો હતો.

હંમેશા ટૂંકા-આધુનિક વસ્ત્રો પરીધાન કરી ઓફીસે આવતી મોનિકાએ જનકના જીવનમાં જાણે કે 'મેનકા' બનીને જ આગમન કર્યું હતું. મોનિકાના લટકાં-મટકાંની સરખામણીમાં સ્વાભાવિક રીતે જ જનકને તેની પત્ની ક્ષમા ગામડિયણ અને ભોટ લાગવા માંડી હતી તે સ્વાભાવિક હતું. પરણીત પુરુષ અન્ય જુવાન સ્ત્રી સાથે આડા સંબંધ રાખે તેને પ્રેમ તો હરગિજ ન જ કહેવાય, પરંતુ લફરું જરૂર કહી શકાય. જનક અને મોનિકાના લફરાંનો સાક્ષી જૂહુ બીચનો ઉછળતો દરિયો જરૂરથી હતો. બન્ને વચ્ચેનું આકર્ષણ સમુદ્રના ઘૂંઘવાટ કરતાં મોજાથી કંઈ કમ તો ન જ હતું. બોસ અને પર્સનલ

સેક્રેટરીનાં સંબંધો તમામ સરહદો પાર કરી ગયાં હતાં, તેની જાણ ક્ષમાને પણ ઘણી મોડી થઈ હતી. વળી ત્યારે ક્ષમા ગર્ભવતી હતી અને પાંચમો મહિનો ચાલતો હોવા છતાંય તેણે ખૂબ વિચાર્યા બાદ કાયમ માટે પિયરની વાટ પકડી લીધી. ઝઘડો-કકળાટ-કંકાસ કરવાનું જાણે ક્ષમાનાં સ્વાભાવમાં જ નહતું. ગર્ભવતી દીકરીને કાયમ માટે ઘરે પરત આવેલી જોઈ પિતા બળવંતરાય ખળભળી ઊઠયા હતા. દુનિયાનો કોઈપણ બાપ દિકરીનું દુઃખ જોવા સક્ષમ નથી હોતો. જોકે ક્ષમાની વાત સાંભળીને બળવંતરાય ઉંડા વિચારોમાં ગરકાવ જરૂરથી થઈ ગયાં હતાં.

‘પપ્પા જે માણસને તેની પત્ની કરતા વધારે અન્ય સ્ત્રીમાં રસ હોય તેને પરાણે પકડી રાખવાનો શું મતલબ? નિયતિએ કદાચ અમારો સંગાથ આટલે સુધીનો જ નિયત કર્યો હશે કવચિત.

પણ બેટા સમાજ... ક્ષમાની મમ્મી ધીમેથી બોલી હતી. ‘મમ્મી, સમાજે તો ભગવાન રામ અને સીતાજીને પણ ક્યાં છોડયા હતાં? આપણે એવા સમાજની પરવા શા માટે કરવી જોઈએ? હું જનકની આખરી નિશાનીને ઉછેરીને જરૂરથી મોટી કરીશ. દિકરો હોય કે દિકરી બસ એને કેન્દ્રમાં રાખીને જીવી બતાવીશ. મમ્મી-પપ્પા હું આપને વચન આપું છું કે હું તમોને ઝડપભેર પગભગ થઈને બતાવીશ.

બળવંતરાયે મનોમન દીકરીની હિંમતને સલામ કરી હતી. નિયતિના જન્મ બાદ થોડા સમયમાં જ ક્ષમાએ પપ્પાનાં મકાનનાં ઉપરનાં મજલે એક ખાલી કમરામાં ભૂલકાઓને સાચવવાની પ્રવૃત્તિ શરૂ કરીને પોતાની જાતને તેમાં ઓતપ્રોત કરી લીધી હતી.

નિયતિ જે ઝડપે વૃદ્ધિ પામી રહી હતી તેનાં કરતાં અનેક ઘણી વધારે ગતિએ તેની સમજણશક્તિ ખીલતી જતી હતી. નિયતિએ ક્યારેય પોતાનાં પપ્પા વિશેની પૃચ્છા કરી પોતાની મમ્મીને દુઃખી નહોતી કરી.

સમયનું ચક્ર ફરતું ગયું. નિયતિએ ફેશન ડિઝાઈનીંગના માસ્ટર્સ કોર્સમાં સુવર્ણ પદક મેળવવા સાથે સારી એવી પ્રગતિ કરી હતી. મુંબઈની એક સુપ્રસિદ્ધ કંપનીએ નિયતિને ખૂબ જ આકર્ષક પેકેજ દ્વારા ઉચ્ચ પદવી ઓફર કરી હતી. જે નિયતિએ તુરંત જ સ્વીકારી લીધી હતી.

નિયતિને નવી પદવી સંભાળ્યે ત્રણ મહિના થયાં હતાં. તેણે મમ્મીને મુંબઈ આવી સાથે રહી સ્થાયી થવા ખૂબ આગ્રહ કર્યો, પરંતુ જે શહેરમાં પોતાનાં લગ્ન જીવનનાં તમામ સ્વપ્નાઓ તૂટી ચકનાચૂર થયાં હતાં તે જ શહેરમાં ફરીથી રહેવા જવા માટે સ્થાયી થવા માટે ક્ષમાનું મન કેમે કરીને માનતું જ ન હતું. આખરે નિયતિ મુંબઈમાં પેઈંગ ગેસ્ટ તરીકે ધીમે ધીમે સ્થીર-સ્થાયી થઈ રહી હતી.

ગાડીની પૂરપાટ ગતિને કારણે ડબ્બો હાલક ડોલક થઈ રહ્યો હતો. ડબ્બાની જેમ જ જનકના વિચારોની ગતિ પણ હાલક-ડોલક થઈ રહી હતી. ક્ષમાની આબેહૂબ પ્રતિકૃતિ સમી શું આ છોકરી ક્ષમાની જ હશે કે કેમ?

ક્ષમા ઘરે છોડીને ગઈ પછી જનકે તો ક્યારેય ક્ષમાનો સંપર્ક જ કર્યો ન હતો. ક્ષમા સાથેનાં વિચ્છેદન બાદ કોઈવાર કોઈક દૂરનાં સગા મારફતે વાવડ મળ્યાં હતા કે ક્ષમાએ દિકરીને જન્મ આપ્યો છે, પરંતુ ત્યારે તો જનક-મોનિકા સાથે એક છત નીચે રહેતો થઈ ગયો હતો.

મોનિકાની ખુશીમાં જ ખુશ રહેતા જનકને ત્યારે આઘાત લાગ્યો હતો જ્યારે મોનિકાએ જનકને જણાવ્યા વગર જ ગર્ભપાત કરાવી લીધો હતો. જનકને મોનિકા સાથેનો તે દિવસનો સંવાદ અક્ષરસ યાદ આવી ગયો હતો.

‘જનક બાળકને જન્મ આપીને હું મારાં પુષ્ઠ વક્ષ સ્થળને વધુ બગાડવા નથી ઈચ્છતી. પરંતુ જનક ઉવાચ મોનિકા, માતૃત્વ એ તો ઈશ્વર દ્વારા સ્ત્રીને મળેલું અમૂલ્ય વરદાન છે.’

‘જનક મારે વરદાન નહિં માત્ર વર જ જોઈએ છે’ એટલું બોલીને મોનિકા-જનકને વેલની જેમ વળગી પડી હતી. મોનિકાની આભામાંથી તેનાં લોલૂપતા સભર સાનિધ્યમાંથી અળગા થવાનું જનક માટે લગભગ અશક્ય જ હતું અને આમ દિનપ્રતિદીન તે મોનિકાનાં

બાહુપાશમાં વધુને વધુ સંકળાવવા-ભીડવા લાગ્યો હતો. મોનિકાએ પોતાનાં રૂપનાં કામણ પાથરીને જનકનાં મનો મસ્તીષ્કપર એટલી હદે વશીકરણ કરી નાખ્યું હતું કે મોનિકાનું આધિપત્ય સ્વીકારીને જનકે માત્ર તેનો ફલેટ નહિ પણ તમામ જાગીર મોનિકાનાં નામે કરી નાખી હતી. સમયનાં વહેણ વહેવાની સાથે મોનિકા શેઠાણી બની ગઈ જ્યારે જનક માત્ર તેની જોરૂનો ગુલામ માત્ર બનીને જ રહી ગયો.

યુવાનીનો ઉન્માદ અને આવેગ માણસને જ્યારે ભાન ભૂલાવે છે ત્યારે હંમેશા તે અંગત વ્યક્તિને જ અન્યાય કરી બેસતો હોય છે. જનકે પણ જાણતાં અજાણતાં કંઈક અંશે ક્ષમાને પણ અન્યાય કરી ચૂક્યો હતો.

ઉંમર વધવા સાથે જેમ જનકનાં વાળમાં જેમ સફેદી આવતી ગઈ હતી તે જ રીતે અમદાવાદમાં ક્ષમાનાં કેસમાં પણ સફેદીની ઘાંટ વર્તાતી હતી.

તફાવત માત્ર એટલો જ હતો કે જનક-ક્ષમાને ભૂલીને જીવ્યો હતો, જ્યારે ક્ષમા જનક સાથે વીતાવેલી કેટલીક યાદગાર ક્ષણોના સહારે પોતાનું જીવન વ્યતીત કરી રહી હતી. ક્ષમાનું તદ્દન સાદું અને સરળ જીવન કોઈ તપસ્યાથી કમ ન હતું. ક્ષમાને પોતાના લગ્નજીવન બાબતે પણ કોઈ ફરિયાદ ન હતી. ક્ષમાએ કાળજું કઠણ કરીને નિયતિનો ખેલ સ્વીકારી લીધો હતો. કદાચ તેથી જ ક્ષમાએ પોતાની દીકરીનું નામ નિયતિ પાડયું હતું. અચાનક પરોઢીયે ગાડી એક હળવા આંચકા સાથે બોરીવલી આવી ઉભી રહી હતી. મોટાભાગનાં મુસાફરો ગંતવ્ય સ્થાને જવા રવાના થઈ રહ્યા હતા. નિયતિ પણ તાજી-માજી થઈને બારી પાસે ગોઠવાઈ ગઈ હતી. થોડીક ક્ષણો બાદ જનક પણ નિયતિની બરોબર સામેની સીટ પર ગોઠવાઈ ગયો હતો. સમગ્ર કમ્પાર્ટમેન્ટમાં હવે માત્ર જનક અને નિયતિ બે જ મુસાફરો સામ સામે ગોઠવાયેલા પોતાના ગંતવ્ય સ્થાનની રાહ જોઈ રહ્યાં હતાં.

જનક અનાયાસે જ નિયતિને નીરખી રહ્યો હતો. થોડી થોડી વારે નિયતિ પણ જનકને અલપ ઝલપ નીરખી લેતી હતી.

જનકના ચહેરા પર આખી રાત ચાલેલી અવિરત વિચાર યાત્રાનો થાક વરતાતો હતો. વળી આટલા લાંબા અરસાબાદ પ્રથમવાર જ ક્ષમાની યાદે તેને વ્યાકુળ બનાવી દીધો હતો. જીવનમાં પહેલી જ વાર જનક અપરાધ ભાવ મહેસૂસ કરી રહ્યો હતો.

જીવનમાં સ્વેચ્છાએ આડેધડ લીધેલાં ગલત નિર્ણયો ક્યારેક વ્યક્તિને અનાયાસ-અનઅપેક્ષીત પણે થકવી દેતા હોય છે. જનક એક વાત ખૂબ સારી રીતે જાણતો હતો કે જીવનમાં સદાય બાજી જીતવા માટે ત્રણ એક્કા નથી મળતા પરંતુ મળેલી પત્તાની બાજીમાંથી કયા પાનાને પકડી રાખવા કે કયા પાનાને છોડી દેવાં તેમાં જ ગફલત થઈ જાય તો માણસ જીવનની બાજી હારી જતો હોય છે. જનકની હાલની દશા પણ હારેલા જુગારી જેવી જ હતી. જ્યારે નિયતિ સાથે જનકની નજર ટકરાતી હતી ત્યારે નિયતિ અવશ્ય હળવું સ્મિત કરી મુસ્કુરાઈ લેતી હતી. જનકનાં મન પર તો ઉદાસીનતાએ એવો તો ભરડો લીધો હતો કે તે નિયતિનાં સ્મિત સામે નાનું અમથું હળવું સ્મિત નહતો આપી શકતો.

આખરે ગુજરાત મેલ ૭.૧૫ કલાકે તેનાં ગંતવ્ય સ્થાન મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનનાં આખરી પડાવે આવી વિરમ્યો. જનકે કવચિત છેલ્લીવાર નિયતિની સામે જોયું. નિયતિએ હિંમતપૂર્વક જનકની આંખોમાં અનિમેષ જોયું. જનકની આંખોના ખૂણે આંસુ તગતગ્યાં જનકથી અનાયસે જ બોલાઈ ગયું..... સોરી બેટા..... મારે પણએક દીકરી છે. અમે ક્યારેય જીવનમાં મળ્યા નથી... કદાચ તારા જેવી જ દેખાતી હશે તેમ માનીને જ હું તારી સામેથી નજર હટાવી શકતો ન હતો.

તમે નાહકના દુઃખી થાવ છો. આપણાં સહુનાં જીવનમાં પણ આ ગાડી જેવું જ છે. કયો મુસાફર કયા સ્ટેશને ઉતરીને છૂટો પડશે તે નિયતિએ અગાઉથી જ નક્કી કરી રાખ્યું હોય છે. મેં પણ મારાં પપ્પાને ક્યારેય જોયા નથી... માત્ર મારી મમ્મીની આંખોમાં જ તેમની તસ્વીર જોઈ છે. બીલકુલ અદલો અદલ આપનાં જેવા આબેહૂબ દેખાય છે... ગુડબાય મિસ્ટર જનકરાય દવે એટલું બોલીને જ નિયતિ વાયુવેગે મુંબઈ શહેરની ભીડમાં સરકી ગઈ.

જનક અચાનક ચમક્યો. તેનાં દિમાગમાં બત્તી

ઝબૂકી. તેને ડબ્બાની નજીક જઈ બહાર રિઝર્વેશન ચાર્ટમાં પોતાની સામેની સીટમાં બેઠેલી છોકરીનું નામ વાંચ્યું. 'નિયતિ જનક દવે' નામ વાંચીને થોડીવાર માટે જનકની આંખો સમક્ષ અંધારું છવાઈ રહ્યું.

હવે જનકને સમજાઈ ગયું કે નિયતિ તો અમદાવાદ સ્ટેશને ગાડીમાં બેઠી ત્યારે તેની સામેની સીટ પર મણિનગરથી કોઈ ચડશે તેવું નામ અગાઉ ચાર્ટમાં વાંચીને જ બેઠી હતી. કદાચ તેથી તે આત્મવિશ્વાસપૂર્વક જનકને સ્મિત આપતી રહી હતી.... માત્ર એટલું જ નહિં પરંતુ કિસ્મતે નિર્માણ કરેલી અણધારી પરિસ્થિતિનો તે હસતે વદને સામનો કરીને જતી પણ રહી હતી....ગમે તેમ તો તે હતી ક્ષમાની દીકરી. મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનનાં કોલાહલ અને ભીડ વચ્ચે જનક જાણે ભયાનક એકલતામાં સરી રહ્યો.... ? ? ?

**સારાંશ :** કરો તેવું પામો-વાવો તેવું લણો, કરણી તેવી ભરણી... કર્મનું ફળ મનુષ્યે આ જન્મમાં જ અચૂક ભોગવવું જ રહ્યું.

☆☆☆☆☆



એક શુભેચ્છક ના જે જે શ્રી ગોકુલેશ


**શ્રી ગોકુલેશો જયતિ** **૨૪મું વર્ષ**

# કાંદિવલીમાં વસતા સૌ બાલાસિનોરવાસીઓ


# ફગવા ઉત્સવ

સર્વદા સેવ્ય ચતુર્થપીઠ શ્રી ગોકુલનાથજીની અસીમ કૃપાથી કાંદીવલીમાં વસતા બાલાસિનોર વાસીઓ તરફથી **શ્રી ફગવા ઉત્સવ**નું આયોજન કરવામાં આવેલ છે. આ ફગવા ઉત્સવ સં. ૨૦૭૫ ના મહા વદ બારસ ને **રવિવાર**, તા. ૦૩–૦૩–૨૦૧૯ ના રોજ **અડુકીઆ સ્કુલ ગ્રાઉન્ડ, રામગલી, શાંતીલાલ મોદી માર્ગ, આઈ.સી.આઈ.સી.આઈ બેંક ની સામે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૬૭**. ના મુકામે યોજવામાં આવેલ છે. શ્રી ઠાકોરજીના ખેલના દર્શન પછી **બાલાસિનોરના સર્વે વૈષ્ણાવોને ઉપરોક્ત મુકામે સહકુટુંબ, દર્શનનો લાભ લેવા અને પ્રસાદ (પ્રસાદની વ્યવસ્થા ખેલના દર્શન પછી) લેવા પધારવા અમારૂં ભાવભર્યું આમંત્રણ છે.**

## ઉત્સવના મનોરથી



**કોકીલાબેન રજનીકાંત પરીખ (બંગાળી)**
**મનીષા હિતેન પરીખ (બંગાળી)**
**કુનાલ અમી – પૂજા રોનકકુમાર**



## ❖ શોભાયાત્રા ❖

મનોરથીના નિવાસસ્થાન **બી–૩૦૫, શત્રુંજયગીરી સોસાયટી, અશોક નગર, જૈન ટેમ્પલ કંપાઊંડ**, કાંદીવલી (ઈ), મુંબઈ– ૧૦૧. **ખાતે મો.: 9820184871 રેસિડન્સ : 022- 28851101** બપોરે ૧.૩૦ કલાકે સમાજ બેસશે. તેમજ શોભાયાત્રા તેમના નિવાસ સ્થાનેથી બપોરના ૩.૦૦ કલાકે નીકળશે.

**લી. કોકીલાબેન રજનીકાંત પરીખ (બંગાળી)**
**મનીષા હિતેન પરીખ (બંગાળી)**
**કુનાલ અમી – પૂજા રોનકકુમાર ના જૈ જૈ શ્રીગોકુલેશ**

## ❖ ખેલના દર્શન ❖

**સાંજે ૬.૦૦ અડુકીઆ સ્કુલ ગ્રાઉન્ડ, રામગલી, શાંતીલાલ મોદી માર્ગ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦ ૦૬૭. ખાતે શ્રી ઠાકોરજીના ખેલનાં દર્શન થશે. તેમજ શ્રી ઠાકોરજીના ધોળ–કીર્તન તેમજ રસીયા ગવાશે તો દરેક વૈષ્ણાવોને ઉપરનાં દરેક પ્રસંગે ઉપસ્થીત રહીને અલભ્ય આનંદ (લાભ) લેવા વિનંતી છે. સર્વે વૈષ્ણાવને સાંજે ૬.૦૦ કલાકે પ્રસાદ લેવા ભાવભીનુ આમંત્રણ છે.**

**લી. કાંદીવલીમાં વસતા બાલાસિનોરવાસીઓના**
**જૈ જૈ શ્રીગોકુલેશ**

# શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ

૪૫/૪૯, બાબુગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨

**શ્રીમતી સુમનબેન સૂર્યકાંત શાહ તથા શ્રીમતી કુંજબાળા હેમેન્દ્ર શાહ (ચકવા) પુરસ્કૃત**

## શ્રી ફગવા ઉત્સવ

**વાડાસિનોર સમસ્ત દશાનિમા વૈષ્ણવો જોગ**

શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ આયોજીત

**શ્રીમતી સુમનબેન સૂર્યકાંત શાહ શ્રીમતી કુંજબાળા હેમેન્દ્ર શાહ તથા શ્રીમતી કુંજબાળા હેમેન્દ્ર શાહ (ચકવા) પુરસ્કૃત શ્રી ફગવા ઉત્સવ શનિવાર, તા. ૦૯-૦૩-૨૦૧૯** ના શુભ દિને મુંબઈમાં ધામધૂમથી ઉજવવામાં આવશે.

### : ઉત્સવના મનોરથી :

આ ઉત્સવના મનોરથી **શ્રીમતી સુભદ્રાબેન તથા નવિનચંદર રમણલાલ કચેરીયા** તથા તેઓના સમસ્ત પરિવાર છે.

### : કાર્યક્રમ :

**તા. ૦૯-૦૩-૨૦૧૯ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે** મનોરથીનાં નિવાસસ્થાને, બી/૧, ધીરજ એપાર્ટમેન્ટ, ૧૧ પેડર રોડ, મુંબઈ-૪૦૦૦૨૬. સમાજની કિર્તનીયા મંડળી રસીયાની રમઝટ બોલાવશે.

**સાંજે ૬.૦૦ કલાકે** સ્ત્રી મંડળ, સિક્કાનગર, વી.પી. રોડ, મુંબઈ-૪૦૦૦૦૪ થી કળશનો વરઘોડો નીકળી માધવબાગ, સી.પી.ટેન્ક જશે. ત્યાં મનોરથી પરિવાર તથા શ્રી ફગવા ઉત્સવના કાયામી દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવશે.

### : ભાવભીનું આમંત્રણ :

તેજ દિવસે સાંજે ૭.૩૦ કલાકે શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજવતી, વાડાસિનોર વાસીઓ, મુંબઈમાં તેમજ પરામાં રહેતા સર્વે દશાનિમા વૈષ્ણવોને સહકુટુંબ સહ પરિવાર પ્રસાદ ગ્રહણ હેતુ માધવબાગમાં પધારવા અમારું ભાવભીનું આમંત્રણ છે.

તો આ દરેક પ્રસંગે આપ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પ્રસંગને દીપાવશો.

**લી. શ્રી વાડાસિનોર ગોકુલેશ સમાજ વતી**
**શ્રી નવનીતલાલ ચંદુલાલ પરીખ (સરકાર) - પ્રમુખ**
**શ્રી મંજુલ શૈલેષકુમાર ધારિયા - ઉપપ્રમુખ**
**શ્રી જસ્મિન શેઠ, શ્રી કિર્તી કડકિઆ, શ્રી બિપીન દોશી**
**માનદ્ મંત્રીઓ તથા સમસ્ત કારોબારી સમિતીના સભ્યો**
**તથા**
**શ્રીમતી સુભદ્રાબેન તથા શ્રી નવિનચંદ્ર રમણલાલ કચેરીઆ તથા**
**તેઓના સમસ્ત પરિવારના જય જય શ્રી ગોકુલેશ**

# ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતી વર્ષ નિમિત્તે તેઓની આત્મકથાના પ્રેરક પ્રસંગો

આત્મશુદ્ધિ વિના જીવમાત્રની સાથે ઐક્ય ન જ સધાય. આત્મશુદ્ધિ વિના અહિંસાનું પાલન સર્વથા અસંભવિત છે. અશુદ્ધાત્મા પરમાત્માનાં દર્શન કરવા અસમર્થ છે. એટલે જીવનમાર્ગનાં બધાં ક્ષેત્રોમાં શુદ્ધિની આવશ્યકતા છે. એ શુદ્ધિ સાધ્ય છે, કેમ કે વ્યક્તિ અને સમષ્ટિના વચ્ચે એવો નિકટ સંબંધ છે કે એકની શુદ્ધિ અનેકની શુદ્ધિ બરાબર થઈ પડે છે.

પણ આ શુદ્ધિનો માર્ગ વિકટ છે. શુદ્ધ થવું એટલે મનથી, વચનથી અને કાયાથી નિર્વિકાર થવું. રાગદ્વેષાદિરહિત થવું. એ નિર્વિકારતાને પહોંચવાને પ્રતિક્ષણ મથતા છતાં, હું પહોંચ્યો નથી, તેથી લોકની સ્તુતિ મને ભોળવી શકતી નથી, એ સ્તુતિ ઘણી વેળા ડંખે છે. મનના વિકારોને જીતવા જગતને શસ્ત્રયુદ્ધથી જીતવા કરતાંયે મને કઠિન લાગે છે. હિંદુસ્તાનમાં આવ્યા પછી પણ હું મારામાં સંતાઈ રહેલા વિકારોને જોઈ શક્યો છું. શરમાયો છું, પણ હાર્યો નથી. સત્યના પ્રયોગો કરતાં મેં રસ લૂંટયો છે, આજે લૂંટી રહ્યો છું. પણ હું જાણું છું કે મારે હજુ વિકટ માર્ગ કાપવાનો છે. તેને સારુ મારે શૂન્યવત બનવાનું છે. મનુષ્ય જ્યાં લગી સ્વેચ્છાએ પોતાને સહુથી છેલ્લો ન મૂકે ત્યાં લગી તેની મુક્તિ નથી. અહિંસા એ નમ્રતાની પરાકાષ્ઠા છે.

## બાળવિવાહ

૧૩ વર્ષની ઉંમરે મારા વિવાહ થયા એની નોંધ લેતાં અકળામણ થાય છે. આજે મારી નજર આગળ બારતેર વર્ષનાં બાળકો પડ્યાં છે. તેમને જોઉં છું. ને મારા વિવાહનું સ્મરણ કરું છું ત્યારે મને મારા ઉપર દયા છૂટે છે, અને બાળકોને મારી સ્થિતિમાંથી બચ્યાને સારુ મુબારકબાદી આપવાની ઈચ્છા થાય છે. તેર વર્ષે થયેલા મારા વિવાહના સમર્થનમાં એક પણ નૈતિક દલીલ મને નથી સૂઝી શકતી.

એ વેળાએ મને તો, સારાં સારાં કપડાં પહેરશું, વાજાં વાગશે, ફુલેકાં ચડશે, સારાં ભોજનો મળશે, એક નવી બાળા સાથે વિનોદ કરીશું, વગેરે અભિલાષા ઉપરાંત બિજું વિશેષ હોય એવું સ્મરણ નથી. અમે ધીમે ધીમે એકબીજાને ઓળખતાં થયાં, બોલતાં થયાં. અમે બંને સરખી ઉંમરનાં છીએ. મેં તો ધણીપણું આદર્યું.

મને કાંઈ પત્નીની પવિત્રતા વિશે શંકા લાવવાનું કારણ નહોતું, પણ અદેખાઈ કારણ જોવા ક્યાં બેસે છે ? મારી સ્ત્રી હંમેશા ક્યાં જાય છે એ મારે જાણવું જ જોઈએ, તેથી મારી રજા વિના ક્યાંયે જવાય જ નહીં. આ વસ્તુ અમારી વચ્ચે દુઃખદ ઝઘડાનું મૂળ થઈ પડી. રજા વિના ક્યાંયે ન જવાય એ તો એક જાતની કેદ જ થઈ. પણ કસ્તૂરબાઈ એવી કેદ સહન કરે એમ હતી જ નહીં. ઈચ્છામાં આવે ત્યારે અને ત્યાં જરૂર મને પૂછયા વિના જાય. જેમ હું દાબ મૂકું તેમ તે વધારે છૂટ લે, અને તેમ હું વધારે ચિડાઉં. આથી અમ બાળકો વચ્ચે અબોલા એ સામાન્ય વસ્તુ થઈ પડી. કસ્તૂરબાઈએ જે છૂટ લીધી તેને હું નિદોર્ષ માનું છું. એક બાળા જેના મનમાં પાપ નથી એ દેવદર્શને જવા ઉપર કે કોઈને મળવા જવા ઉપર દાબ કેમ સહન કરે ? જો હું તેના ઉપર દાબ મૂકું તો તે મારા ઉપર કાં ના મૂકે ? - આ તો હવે સમજાય છે. ત્યારે તો મારે મારું ધણીપણું સિધ્ધિ કરવું હતું.

પણ વાંચનાર એમ ન માને કે અમારા આ ઘરસંસારમાં ક્યાંયે મીઠાશ નહોતી. મારી વક્રતાનું મૂળ પ્રેમમાં હતું. મારે મારી પત્નીને આદર્શ સ્ત્રી બનાવવી હતી. એ સ્વચ્છ થાય, સ્વચ્છ રહે, હું શીખું તે શીખે, હું ભણું તે ભણે, અને અમે બંને એકબીજામાં ઓતપ્રોત રહીએ, એ ભાવના હતી.

કસ્તૂરબાઈને એ ભાવના હતી એવું મને ભાન નથી. તે નિરક્ષર હતી. સ્વભાવે સીધી, સ્વતંત્ર, મહેનતુ અને મારી સાથે તો ઓછું બોલનારી હતી. તેને પોતાના અજ્ઞાનનો અસંતોષ નહોતો. હું ભણું છું ને તે પોતે પણ ભણે તો સારું, એવી એની ઈચ્છા મેં કદી મારા બચપણમાં અનુભવી નથી.

## ચોરી અને પ્રાયશ્ચિત

માંસાહરના કાળનાં તેમ જ તે પહેલાંના કાળનાં

કેટલાંક દૂષણોનું વર્ણન હજું કરવું રહે છે. તે વિવાહ પૂર્વના કે તે પછી તુરત સમયનાં છે.

મારા એક સગાની સાથે મને બીડી પીવાનો શોખ થવો. બીડી પીવામાં કંઈ ફાયદો છે અગર તો તેની ગંધમાં મજા છે એવું તો અમ બેમાંથી એકેને નહોતું લાગ્યું, પણ કેવળ ધુમાડો કાઢવામાં જ કંઈક રસ છે એવું લાગેલું. મારા કાકાને બીડી પીવાની ટેવ હતી, ને તેમને તથા બીજાને ધુમાડા કાઢતા જોઈ અમને પણ ફૂંકવાની ઈચ્છા થઈ. પૈસા તો ગાંઠે ન મળે, એટલે કાકા બીડીનાં ઠૂંઠાં ફેંકી દે તે ચોરવાનું અમે શરૂ કર્યું.

પણ ઠૂંઠા કંઈ હરવખત મળી ન શકે, અને તેમાંથી બહુ ધુમાડાયે ન નીકળે. એટલે ચાકારની ગાંઠે બેચાર દોકડા હોય તેમાંથી વચ્ચે વચ્ચે એકાદ ચોરવાની ટેવ પાડી અમે બીડી ખરીદતા થયા. પણ એને સંઘરવી ક્યાં એ સવાલ થઈ પડયો. વડીલોના દેખતાં તો બીડી પિવાય જ નહીં. એ ખબર હતી. જેમતેમ કરી બેચાર દોકડા ચોરીને થોડાં અઠવાડિયાં ચલાવ્યું, દરમ્યાન સાંભળ્યું કે એક જાતના છોડ થાય છે, તેની ડાંખળી બીડીની જેમ સળગે છે, ને તે પી શકાય. અમે તે મેળવીને ફૂંકતા થયા !

પણ અમને સંતોષ ન થયો. અમારી પરાધીનતા અમને સાલવા લાગી. વડીલોની આજ્ઞા વિના કંઈ જ ન થાય. એ દુઃખ થઈ પડયું. અમે કંટાળ્યા ને અમે તો આપઘાત કરવાનો નિશ્ચય કર્યો !

પણ આપઘાત કઈ રીતે કરવો ? ઝેર કોણ આપે ? અમે સાંભળ્યું કે ધતૂરાના ડોડવાનાં બી ખાઈએ તો મૃત્યુ નીપજે. અમે વગડામાં જઈ તે મેળવી આવ્યા. સંધ્યાનો સમય શોધ્યો. કેદારજીના મંદિરે દીપમાળામાં ઘી ચડાવ્યું. દર્શન કર્યા, ને એકાંત શોધ્યું પણ ઝેર ખાવાની હિમ્મત ન ચાલે. તુરુંત મૃત્યુ નહીં થાય તો ? મરીને શો લાભ ? પરાધીનતા કાં ન ભોગવની છૂટવું ? છતાં બેચાર બી ખાધાં. બીજાં ખાવાની હિમ્મત જ ન ચાલી. બન્ને મોતથી ડર્યા, અને રામજીને મંદિર જઈ દર્શન કરી શાંત થઈ જવું ને આપઘાતની વાત ભૂલી જવી એવો ઠરાવ કર્યો.

હું સમજ્યો કે આપઘાતનો વિચાર સહેલો છે, આપઘાત કરવો સહેલ નથી. આથી જ્યારે કોઈ આપઘાત કરવાની ધમકી આપે છે ત્યારે તેની મારા ઉપર બહુ ઓછી અસર થાય છે, અથવા મુદ્દલ થતી જ નથી એમ કહું તો ચાલે.

આ આપઘાતના વિચારનું પરિણામ એ આવ્યું કે અમે બંને એઠી બીડી ચોરીને પીવાની તેમ જ નોકરના દોકડા ચોરવાની ને તેમાંથી બીડી લઈ ફૂંકવાની ટેવ ભૂલી જ ગયા.

મોટાપણે બીડી પીવાની ઈચ્છા જ મને કદી નથી થઈ, અને એ ટેવ જંગલી ગંદી અને હાનિકારક છે એમ સદાય મેં માન્યું છે. બીડીનો આટલો જબરજસ્ત શોખ દુનિયામાં કેમ છે એ સમજવાની શક્તિ હું કદી મેળવી શક્યો નથી. જે આગગાડીના ડબ્બામાં ઘણી બીડી ફૂંકાતી હોય ત્યાં બેસવું મને ભારે થઈ પડે છે ને તેના ધુમાડાથી હું ગૂંગળાઈ જાઉં છું.

ઉપરના દોષ કરતાં બીજો એક ચોરીનો દોષ જે મારાથી થયો તેને હું વધારે ગંભીર ગણું છે. બીડીનો દોષ થયો ત્યારે મારી ઉંમર બારતેર વર્ષની હશે - કદાચ તેથીયે ઓછી. બીજી ચોરી વેળાએ ઉંમર પંદર વર્ષની હશે. આ ચોરી મારા માંસાહારી ભાઈના સોનાના કડાના કકડાની હતી. તેમણે નાનું સરખું એટલે પચીસેક રૂપિયાનું કરજ કર્યું હતું. મારા ભાઈને હાથે સોનાનું નક્કર કડું હતું. તેમાંથી એક તોલો સોનું કાપવું મુશ્કેલ નહોતું.

કડું કપાયું. કરજ ફીટયું. પણ મારે સારુ આ વાત અસહ્ય થઈ પડી. હવે પછી ચોરી ન જ કરવાનો મેં નિશ્ચય કર્યો. પિતાજીની પાસે કબૂલ પણ કરી દેવું જોઈએ એમ લાદ્યું. જીભ તો ન ઊપડે. પિતાજી પોતે મને મારશે એવો ભય તો ન જ હતો. તેમણે કોઈ દિવસ અમને એકે ભાઈને તાડન કર્યું હોય, એવું મને સ્મરણ નથી. પણ પોતે દુઃખી થશે કદાચ માથું ફૂટશે તો ? એ જોખમ ખેડીને પણ દોષ કબૂલ કરવો જ જોઈએ, તે વિના શુદ્ધિ ન થાય, એમ લાગ્યું.

છેવટે ચિઠ્ઠી લખીને દોષ કબૂલ કરવો ને પિતાજીની માફી માગવી એવો મેં ઠરાવ કર્યો. મેં ચિઠ્ઠી લખીને

હાથોહાથ આપી. ચિઠ્ઠીમાં બધો દોષ કબૂલ કર્યો ને સજા માગી, પોતે પોતાની ઉપર દુઃખ ન વહોરી લે એવી આજીજીપૂર્વક વિનંતી કરી, ને ભવિષ્યમાં ફરી એવો દોષ ન કરવાની પ્રતિજ્ઞા કરી.

મેં ધ્રુજતે હાથે આ ચિઠ્ઠી પિતાજીના હાથમાં મૂકી. હું તેમની પાટની સામે બેઠો. આ વેળા એમને ભગંદરનું દરદ તો હતું જ. તેથી તેઓ ખાટલાવશ હતા. ખાટલાને બદલે લાકડાની પાટ વાપરતા.

તેમણે ચિઠ્ઠી વાંચી. આંખમાંખી મોતીનાં બિંદુ ટપક્યાં. ચિઠ્ઠી ભીંજાઈ. તેમણે ક્ષણવાર આંખ મીંચી ચિઠ્ઠી ફાડી નાખી, ને પોતે વાંચવા સારુ બેઠા થયા તા તે પાછા સૂતા. હું પણ રડયો. પિતાજીનું દુઃખ સમજી શક્યો. હું ચિતારો હોઉં તો એ ચિત્ર આજે સંપૂર્ણતાએ આલેખી શકું. એટલું તે આજે પણ મારી આંખ સામે તરી રહ્યું છે.

એ મોતીબિંદુના પ્રેમબાણે મને વીંધ્યો. હું શુદ્ધ થયો. એ પ્રેમ તો જેણે અનુભવ્યો હોય તે જ જાણે.

રામબાણ વાગ્યાં રે હોય તે જાણે.

મારે સારુ આ અહિંસાનો પદાર્થપાઠ હતો. તે વેળા તો મેં એમાં પિતાપ્રેમ ઉપરાંત બીજું ન જોયું, પણ આજે હું એને શુદ્ધ અહિંસાને નામે ઓળખી શકું છું. આવી અહિંસા જ્યારે વ્યાપક સ્વરૂપ પકડે ત્યારે પોતાના સ્પર્ષથી કોને અલિપ્ત રાખે ? એવી વ્યાપક અહિંસાની શક્તિનું માપ કાઢવું અશક્ય છે.

આવી શાંત ક્ષમા પિતાજીના સ્વભાવથી પ્રતિકૂળ હતી. તે ક્રોધ કરશે, કટુ વચન સંભળાવશે. કદાચ માથું કૂટશે, એવું મેં ધાર્યું હતું. પણ તેમણે આટલી અપાર શાંતિ જાળવી તેનું કારણ દોષની નિખાલસ કબૂલાત હતી એમ હું માનું છું. જે માણસ અધિકારી આગળ, સ્વેચ્છાએ, પોતાના દોશનો, નિખાલસપણે ને ફરી કદી તે ન કરવાનો, પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર કરી લે છે તે શુદ્ધતમ પ્રાયશ્ચિત કરે છે. મારા એકરારથી પિતાજી મારે વિશે નિર્ભય થયા ને તેમનો મહાપ્રેમ વૃદ્ધિ પામ્યો.

* * *

# હનુમાનની કૃપાથી તુલસીદાસે રામનાં દર્શન કર્યા

સંસારની માયામાંથી છૂટકારો મેળવી તુલસીદાસ કાશીમાં સ્થિર થયાં. અહીં નિત્ય તેમનું એક જ કાર્ય રહેતું. રામની કથા કહેવી અને તે દ્વારા 'રામનામ' જપવું.

કથા સાંભળવા અનેક લોકો આવતા. એમાં સાધુસંતો પણ ખરા. તુલસીદાસની રામવાર્તા કહેવાની શૈલી રોચક હતી. એમાં મધુરતા રહેતી. ભક્તિભાવ પણ રહેતો જ.

કાશીમાં એક ઘટના બની. તુલસીદાસ પ્રતિદિન શૌચ માટે જંગલમાં જતા. પાછળ વળતાં વધેલું પાણી તેઓ એક પીપળાના ઝાડમાં રેડી દેતા. આ ઝાડ પર એક પ્રેત રહેતું હતું. એ જળથી તેની તરસ બુઝાતી. પ્રેત સંતોષ અનુભવતું.

એક દિવસ તુલસીદાસ પાણી રેડી રહ્યા હતા તે જ સમયે એ પ્રેતે પ્રગટ થઈ તેમને દર્શન આપ્યાં. કહ્યું - 'હું પ્રેત છું. આપ નિત્ય મારી તરસ બુઝાવો છો એટલે હું આપના પર પ્રસન્ન થયો છું. ઈચ્છામાં આવો તે યાચી લ્યો.'

તુલસીદાસે કહ્યું - 'હું તો ત્યાગી છું. સંસારજીવનની મને કોઈ વાસના નથી. છતાં એક પ્રબળ ઈચ્છા છે અને તે રામજીનાં દર્શન કરવાની. આપ એ કરાવી દેશો તો હું આપનો આભારી થઈશ.'

પ્રેતે કહ્યું - 'આ વાત તો મારા હાથની નથી પણ તમારી કથા સાંભળવા નિત્ય હનુમાનજી આવે છે તેઓ આપને શ્રી રામચંદ્રજીનાં દર્શન કરાવી શકે એમ છે.'

તુલસીદાસે કહ્યું 'હનુમાનજીને મારે ઓળખવા કેવી રીતે ?'

'એ વાત તો સરળ છે. કથા શ્રવણ કરવા માટે તેઓ સૌ પહેલા આવે અને જાય છે સર્વની પાછળ. વળી તેમના સારા ય શરીરમાં કોઢ છે. પોશાક પણ ગંદો જણાશે. બસ, તેમને તમે પકડી લેજો અને ચરણ પકડીને કહેજો - 'હનુમાન દેવતા ! મને રામચંદ્રજીનાં દર્શન કરાવો.'

તુલસીદાસે કહ્યું - 'ઠીક છે. હું આ મુજબ જ કરીશ.'

બીજે દિવસે કથાનો વખત થયો એટલે સૌ પ્રથમ એક વ્યક્તિ આવી. એના શરીરે કોઢ હતો. પોશાક પણ ગંદો હતો. તુલસીદાસે જોયું કે વ્યક્તિ હનુમાનજી લાગે છે કારણ કે, પ્રેતના કહ્યા મુજબની તમામ નિશાની તેમનામાં છે.

કથા પૂરી થઈ. સૌ વિખેરાઈ ગયા. પેલી કોઢવાળી વ્યક્તિ ધીરે ધીરે જવા લાગી ત્યાં જ તુલસીદાસ તેની સમીપ પહોંચી ગયા અને તેના ચરણ પકડી કહ્યું 'દેવ ! મારી એક પ્રાર્થના સાંભળો !'

એ વ્યક્તિ ઊભી રહી. કહ્યું - 'તમારે શું કહેવું છે ?'

'મને શ્રી રામજીનાં દર્શન કરાવો.'

'તો ચિત્રકૂટ પહોંચી જાવ. ત્યાં તમને રામજી મળશે.'

તુલસીદાસે સમગ્ર શરીરમાં કંપ અનુભવ્યો. રામજીના પ્રત્યક્ષ દર્શન થશે એ આશામાં તેમના દેહમાં આનંદ અને હર્ષની લાગણીઓ ઉછળવા લાગી. તેઓ દોડયા ચિત્રકૂટના માર્ગે. ન જોયો દિવસ કે ન જોઈ રાત. એક જ ધ્યાન-એક જ ચિત્ત ચિત્રકૂટ પહોંચવાનું.

માર્ગમાં તેમના મનમાં શંકા જન્મી. શું રામચંદ્રજી મારા જેવાને દર્શન આપશે ખરા ? પણ હનુમાનજીએ વિશ્વાસથી તેને કહ્યું હતું - 'ચિત્રકૂટ પહોંચી જા. ત્યાં તને રામજી મળશે.' મને આ શબ્દોમાં અવિશ્વાસ કરવાનું કોઈ જ કારણ નહોતું.

ચિત્રકૂટમાં તેઓ પહોંચી તો ગયા પણ બેસવું ક્યાં ? હનુમાનજીએ કોઈ નક્કી સ્થાન તો કહ્યું નહોતું. માત્ર ચિત્રકૂટમાં મળશે તેમ જ કહ્યું હતું તો કરવું શું ? ફરતાં ફરતાં તેઓ રામઘાટ આવી પહોંચ્યા. બસ, આ રામનો ઘાટ છે. રામજી અહીં જ આવવા જોઈએ અને તુલસીદાસે રામઘાટ પર આસન જમાવ્યું.

તુલસીદાસ પ્રતિદિન મન્દાકિનીમાં સ્નાન કરતા, મંદિરોમાં ભગવાનનાં દર્શન કરતા, રામાયણનો પાઠ કરતા અને જપ વગેરે કરતાં. આ તેમનો નિત્યક્રમ હતો.

એક દિવસે તેઓ ચિત્રકૂટની પ્રદક્ષિણા કરી રહ્યા હતા ત્યાં જ તેમણે બે અત્યંત સુંદર રાજકુમારોને ઘોડા પર સવાર થઈને જતા જોયા. તેમના હાથમાં ધનુષબાણ હતા. તુલસીદાસ આ રાજકુમારોની દિવ્ય કાન્તિ જોઈ ચકિત બની ગયા. તેઓ વિચારવા લાગ્યા કે આ બે છે કોણ ?

કુમારો તો ચાલી ગયા પણ તુલસીદાસના મનમાં તેમની મૂર્તિ અંકાઈ ગઈ. પાછળથી હનુમાને ભેદ ખોલ્યો - 'તુલસીદાસ ! એ બે કુમારોને તમે ન ઓળખ્યા ? તેઓ બીજા કોઈ નહિ પણ રામ-લક્ષ્મણ જ હતા.'

તુલસીદાસ શોક પામ્યા. પસ્તાવાથી તેમનો દેહ બળવા લાગ્યો. હૃદય ઉત્સુકતાથી ભરાઈ ગયું. તેમણે

હનુમાનજીને કહ્યું - 'મને ગમે તેમ કરીને પણ રામ લક્ષ્મણના દર્શન કરાવો....'

હનુમાનજીએ કહ્યું - 'શોક કરવાની જરૂર નથી. કાલે પ્રાતઃકાળે તમને એ બંનેનાં પુનઃ દર્શન થશે.'

એ વાત હતી સંવત ૧૬૦૭ના મૌની અમાવસ્યાની. વાર હતો બુધવાર. પ્રાતઃકાળ થયો ન થયો ત્યાં જ તુલસીદાસ રામઘાટ પર બેસી ગયા. પર્વનો વાર હતો એટલે ઘાટ પર ધીરે ધીરે ભીડ જામવા લાગી. તુલસીદાસ તો વ્યાકુળ બનીને બે કુમારોને જ જોવા તલપી રહ્યાં.

થોડીકવારઆમ રહા જોઈ રહ્યા પછી વિચાર્યું, 'હું ચંદન ઘસીને તૈયાર રાખું તો દેવી પૂજામાં વિલંબ પણ ન થાય અને કામ પણ થઈ જાય. એટલે તુલસીદાસ ચંદન ઘસવા લાગ્યા પણ ચંદન ઘસતાં ઘસતાં તેમની દ્રષ્ટિ તો લોકોની અવર જવર પર જ રહેવા લાગી.

આ જ સમયે એક તેજસ્વી કુમાર ત્યાં પ્રગટ થયા. ચંદન ઘસતાં તુલસીદાસને તેમણે કહ્યુ - 'બાબા, મને ચંદન આપો !'

તુલસીદાસનું ધ્યાન ભીડ તરફ હતું. દૂરથી હનુમાન આ જોઈ રહ્યા હતા. તેમણે વિચાર્યું - આ વખતે પણ જો તુલસીદાસ પ્રભુને ન ઓળખશે તો પછી તેમનાં દર્શન દુર્લભ થઈ જશે એટલે હનુમાને પોપટનો દેહ ધારણ કર્યો અને બોલ્યા -

ચિત્રકૂટકે ઘાટ પર, ભઈ સંતનકી ભીર,
તુલસીદાસ ચંદન ઘિસેં તિલક દેત રઘુબીર.

ચકોર તુલસીદાસજી સમજી ગયા. પછી પૂછવું જ શું ? અતૃપ્ત નયનોથી તેમણે રામની મનમોહિની છબીસુધાનું જ પાન કરવા માંડયું. દેહની સૂધબૂધ પણ ભૂલી ગયા. આંખોમાંથી આંસુઓની ધારા છૂટી. હવે ચંદન ઘસવાનું કામ શું છે ?

ભગવાને ફરીથી કહ્યું - 'બાબા, મને ચંદન આપો.'

પણ સાંભળે કોણ ? તેઓ તો બેશુદ્ધ જેવા જ થઈ ગયા હતા. દેવે વિચાર્યું 'ઠીક છે. એમને શા માટે કષ્ટ આપવું ? અને ભગવાને પોતે જ પોતાના હાથથી ચંદન લીધું અને પોતાના લલાટ પર કર્યું. પછી તેમણે તુલસીદાસના લાલટ પર પણ ચંદન કરી ભક્તને કૃતાર્થ કર્યા.

બીજી જ ક્ષણે તુલસીદાસ સતેજ બની ગયા. જુએ છે તો રામજી ન મળે. ક્યાંથી હોય ? ભક્ત પર કૃપા વર્ષાવીને ભગવાને પોતાનું કાર્ય પૂર્ણ કર્યું હતું. ☆☆☆☆

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# જાહેર ટેન્ડર

**શ્રી મનોજભાઈ/શ્રી અમરીષભાઈ કચેરીયા કન્સેશનલ રેટ નોટબુક યોજના તથા શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) નોટબુક રાહત યોજના**

નોટબુક છપાવવા માટે ટેન્ડર મંગાવવામાં આવેલ છે.
ઈચ્છુક નોટબુક ડીલરોને વિનંતી કે સંયોજક નો સંપર્ક કરે અને
નોટબુક વિષે માહિતી મેળવી લે. **તેઓએ પોતાની ઓફર 'સીલ્ડ' (Seald) કવરમાં સંસ્થાની ઓફીસમાં તા. ૧૫-૩-૨૦૧૯ પહેલા જમા કરાવવાની રહેશે.**

**નોંધ :** નોટબુક સાઈઝ A-4 ઝમ્બો રહેશે. ★ નોટબુક પાના ૫૪ ગ્રામ રહેશે.
નોટબુક કવર પેજ સાથે ૧૮૪ પાના ના રહેશે.

**મંત્રી – શ્રી ભાવેશ બીપીન મોદી – ૯૮૬૯૦૮૦૨૮૭**
**સંયોજક – શ્રી દર્શન હરીશ પરીખ – ૯૮૨૦૪૦૨૦૨૨**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
**શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત**

# મહિલા વિભાગ

મહિલા વિભાગ દ્વારા તા. ૧૯-૧-૨૦૧૯ શનિવારના રોજ લોઢા હોલ, શારદા વિદ્યા મંદિર સ્કૂલ ખાતે બપોરે ર.૩૦ કલાકે.

## "Let's PARTY"

કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આવનાર સૌ બહેનોને માથમાં પહેરવા માટે Tiara તથા 4 - Colour ની Ribbons Games રમવા માટે આપવામાં આવી હતી. જાહેર કરેલ Dress Code મુજબ સૌ બહેનોએ Western Dresses Gown ધારણ કરી માથે Tiara પહેરી Photo Session દ્વારા આનંદ લૂંટયો હતો. રમત ગમતનાં 4 Stall રાખવામાં આવ્યાં હતા. આવનાર સૌ બહેનોને ૬-૬ ના ગ્રુપમાં

1) Dart Game
2) Balancing Coin
3) Straws and Match Sticks
4) Dice Game

રમાડી દરેક ગ્રુપમાં ૧ ઈનામ આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમ માટે નામ ન આપવાની શરતે મહિલા વિભાગને રૂા. ૨૦,૦૦૦નું દાન મળ્યું હતું. મહિલા વિભાગ દાન આપનાર બહેન તથા તેમના કુટુંબીજનોનો હૃદયપૂર્વક આભાર માને છે.

સંયોજક અલ્પા કડકીઆએ પોતાના કાર્યકાળ દરમિયાન સાથ અને સહકાર આપનાર સૌનો આભાર માન્યો હતો અને કુદરતના નિયમને અનુસરીને મહિલા વિભાગના સતત વિકાસ માટે પોતાની નિવૃત્તિની જાહેરાત કરી હતી તથા એપ્રિલ ૨૦૧૯થી સંયોજક તરીકેની પદવી સંભાળનાર કૃપા દેસાઈનું સ્વાગત કર્યું હતું. ત્યાર બાદ કેક કાપી D.J. તથા LED ના સથવારે ડાન્સ પાર્ટીની ઉજવણી શરૂ કરી હતી. ડાન્સમાં ઉંમરનો કોઈ બાધ નહોતો. નાની તથા મોટી ઉંમરની સૌ બહેનો સાથે મળી, Cheer Up કરી મન મૂકી નાચી હતી. ૪ વાગે નાસ્તાનું કાઉન્ટર ચાલુ કરવામાં આવ્યું હતું. જેમાં બહેનોને વૈષ્ણવ તથા રેગ્યુલર પાઉંભાજી અને કેક આપવામાં આવ્યા હતા. બહેનોએ શાંતિથી શિસ્તબધ્ધ રીતે નાસ્તાને ન્યાય આપ્યો હતો.

બેસ્ટ ડાન્સ માટે મારીશા, સર્જીતા, લોપા, કોમલ, ખુશ્બુ, હેમાને ઈનામો આપવામાં આવ્યા હતા. કાર્યક્રમને અંતે સૌ બહેનોને ગીફ્ટમાં ૬ ડબ્બીઓનો સેટ તથા ગૌવા જ્યુસની બોટલ આપવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ગેમ્સ રમાડનાર સૌ વોલીન્ટીયર્સ બહેનો તથા પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ અને સહકાર આપનાર સૌનો મહિલા વિભાગ હૃદયપૂર્વક આભાર માને છે.

મહિલા વિભાગના સંયોજક પદેથી વિદાય લેતી વેળાએ ફરીથી એકવાર કાર્યક્રમમાં મોટી હાજરી આપી શિસ્તબધ્ધ રીતે કાર્યક્રમોને સફળ બનાવવા બદલ સહુ સભ્ય બહેનોનો, જ્યારે પણ મેમ્બર્સના કાર્યક્રમો એનાઉન્સ કરવામાં આવ્યા ત્યારે મોટી સંખ્યામાં ભાગ લઈ સુંદર કાર્યક્રમમો રજૂ કરનાર કલાકાર બહેનોનો દરેક કાર્યક્રમમાં વોલીન્ટીયર્સની ટીમમાં કામ કરી ચૂકેલ દરેક સભ્ય બહેનોનો, મહિલા વિભાગને કાર્યક્રમો માટે માતબર દાન આપનાર સહુ દાતાઓનો, શ્રી બાલાસિનોર નવયુવક સંઘના, મહિલા વિભાગની કમિટીની બહેનોનો, ખાસ કરી કૃપા દેસાઈ તથા બીજલ ગાંધીનો તથા મારા કુટુંબીજનોનો હું હૃદયપૂર્વક આભાર માનું છું. **મંત્રી - ભાવેશ મોદી**

**સંયોજક - અલ્પા કડકીઆ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

# સંસ્થા સમાચાર



**– મંત્રી : શ્રી ભાવેશ બીપીન મોદી**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની ૫મી બેઠક તા. ૧૮ મી જાન્યુઆરી ૨૦૧૯ના રોજ સાંજે ૬.૪૫ કલાકે શ્રીમતી સુભદ્રાબેન નવીનચંદ્ર શાહ (કલકત્તાવાળા) મીટીંગ હોલ (પ્રગતિ સમાજની ઓફીસ ખાતે પ્રમુખશ્રી સૌમિલ જીતેન્દ્ર મોદીના નેજા હેઠળ મળી હતી.

આપણા માજી કારોબારીના સભ્ય, સહમંત્રી, મંત્રી, ઉપપ્રમુખ, પ્રમુખ જેવા હોદ્દાઓ શોભાવ્યા તથા શ્રી વાડાસીનોર દશાનીમા વિદ્યોત્તેજક મંડળ દ્વારા સન્માનીત વાડસોલ કર્મવીર થી બીરદાવાયેલા આપણા સહુના લાડકા એવા શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (લટકારી) શ્રીજી ચરણ પામ્યા તે માટે પ્રમુખશ્રી તથા સમસ્ત કારોબારીના સભ્ય એ બે મિનીટનું મૌન ધારણ કર્યું હતું. તેઓ માટે તેમનો ફોટો તથા આદરાજંલી ‘જ્યોતીપુંજ’ માધ્યમ દ્વારા અપાયલે છે.

પ્રમુખશ્રીએ આપણા કારોબારીના સભ્ય શ્રી ચંદ્રેશ કડકીઆ તથા શ્રી સની ગાંધીના પિતાશ્રી અનુક્રમે શ્રી પ્રવીણચંદ્ર કડકીઆ (ખીસાદાર) અને શ્રી સંજય ગાંધી (પાકા) શ્રીજીચરણ પામ્યા હતા તેની નોંધ લીધી હતી.

સંસ્થાના સહમંત્રી શ્રી અલ્પેશ ધારીઆએ ગત મિટીંગનો અહેવાલ રજૂ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી રજનીકાન્ત કાન્તીલાલ કડકીઆ (ધરીવાળા) વાર્ષિક રસોત્સવના સંયોજક શ્રી ચંદ્રેશ કડકીઆ અનઉપસ્થિત હોવાથી તેમનો હિસાબ આગલી મિટીંગમાં આવશે.

શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીઆ (રંગુનવાળા) ઉપનગર વિભાગના સંયોજક શ્રી ઉર્મીલ કડકીઆએ પ્રથમ પ્રોગ્રામના હિસાબની રજુઆત કરી હતી. તે પસાર કરવામાં આવી હતી તથા બીજા પ્રોગ્રામ ડ્રામાની જાહેરાત કરી હતી.

શ્રીજી મેડીકલેમ યોજનાના સંયોજક શ્રી તેજસ શાહ એ આજ સુધીનો અહેવાલ રજુ કર્યો હતો. તે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા શ્રી દક્ષેશભાઈ શ્રી મીનીષભાઈ કડકીઆ (કડકીઆ એન્ટરપ્રાઈઝીસ) આંતરીક રમત-ગમતના સંયોજક શ્રી કીંજલ પરીખ અનઉપસ્થિત હોવાથી તેમનો હિસાબ આગલી મિટીંગમાં આવશે.

શ્રી મનોજભાઈ/શ્રી અમરીશ કચેરીયા કન્શેસ્નલ રેટ નોટ બુક સ્કીમ તથા શ્રી રસીકલાલ ચંદુલાલ પરીખ (સરકાર) સૌજન્ય શ્રી રજનીકાંત મણીલાલ શાહ (નગરશેઠ) ના સંયોજક શ્રી સંજય શાહ એ તેમનો હિસાબ આવતી મિટીંગમાં રજુ કરવાની દરખાસ્ત કરી હતી.

ડૉ. બાબુલાલ મોહનલાલ પરીખ (વકીલ) તથા પરિવાર દિવાળી પર્વ આર્થિક રાહત યોજનાના સંયોજક શ્રી સંજય શાહ એ તેમનો હિસાબ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો. તથા તેમને જણાવેલું કે શ્રીમતી સુશીલાબેન બાબુલાલ કડકીઆ તરફથી દરેકને રૂા. ૧૦૦૦/- આપ્યા હતા. કુલ્લે રૂા. ૫૧,૦૦૦/- નો ફાળો આવ્યો હતો.

ગીરીપૂજા કોકીલાબેન પ્રવીણચંદ્ર પુનમચંદ બીનચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) જનતા ફી સહાય યોજનાના સંયોજક શ્રી દિપક શાહ એ તેમનો અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ વસ્તી પત્રકના સંયોજક તથા સહમંત્રી શ્રી અલ્પેશ ધારીઆએ જણાવ્યું હતું કે વસ્તી પત્રકના પૂરતા ફોર્મ આવ્યા નથી અને તેનું ડીટીપી નું કામ ચાલુ થઈ ગયું છે.

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલીત ચાલો બાલાસિનોર ના સંયોજક શ્રી સુનીલ મોદીએ તેમનો અહેવાલ તથા હિસાબ રજુ કર્યો હતો. તે સર્વાનુમતે પસાર કરવામાં આવ્યો હતો.

શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાલા) આયોજીત શ્રી નવટરભાઈ મોદી (જનસાથી) બી.એન.એસ. જનસાથી ટ્રોફી, શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) બી.એન.એસ. લાલખા ટ્રોફી, શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીઆ (લાલખા) અને શ્રી રૂપીનભાઈ પુનમચંદ કડકીઆ (બેરા) બી.એન.એસ. લાલખા બેરા T-૨૦ મેચના સંયોજક શ્રી રીપલ પરીખ અનુઉપસ્થિત હોવાથી તેમનો અહેવાલ આવતા મીટીંગમાં રજુ થશે.

કુલ ૭ લીવ ની અરજીઓ આવી હતી. તેમના નામ શ્રી કીંજલ પરીખ, શ્રી કલ્પેશ ધારીઆ, શ્રી જીતેન્દ્ર પારેખ, શ્રી દક્ષેશ કડકીઆ, શ્રી રાજેન્દ્ર દેસાઈ, શ્રી દર્શન પરીખ તથા શ્રી તેજસ શાહ તે પસાર કરવામાં આવી હતી.

પ્રમુખશ્રી એ આભાર માની સભા બરખાસ્ત કરી હતી.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ - સંસ્થાને મળેલ માતબર દાન

- **ઈંદિરાબેન સતીષભાઈ પરીખના સ્મરણાર્થે શ્રી સતીશચંદ્ર ભીખાલાલ પરીખ (રોકડીયા) તરફથી રૂા. ૫૧૦૦૦/- નું માતબર દાન પ્રાપ્ત થયું છે.**
- **શ્રી નિખીલ રમણીકલાલ ગાંધી તરફથી રૂા. ૧૦૦૦૦૦/- પુસ્તક યોજના માટે પ્રાપ્ત થયા છે.**
- **દિનકરલાલ ઓચ્છવલાલ શાહના સ્મરણાર્થે કોકીલાબેન દિનકરલાલ શાહ (ઈટાડીવાલા) તરફથી રૂા. ૧૧,૦૦૦/- નું દાન પ્રાપ્ત થયું છે.**

સંસ્થા સૌ દાતાઓનો હાર્દિક આભાર માની ગર્વ અનુભવે છે. **મંત્રી - ભાવેશ બીપીન મોદી**

## અન્ન, આર્થિક જીવન નિર્વાહ સહાય અંગે

### ગીરીપુજા કોકિલાબેન પ્રવિણચન્દ્ર પુનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા) આર્થિક રાહત યોજના, શ્રીમતી કલાબેન ચીમનલાલ કડકીઆ (બનડા) અન્ન સહાય યોજના અને શ્રીમતી તારાબેન રતીલાલ પરીખ જીવન નિર્વાહ યોજના

ઉપરોક્ત યોજનાઓ હેઠળ પ્રતિ વર્ષે સહાય આપવામાં આવે છે. ચાલુ વર્ષે પણ તા. ૧-૪-૨૦૧૯થી તા. ૩૧-૩-૨૦૨૦ દરમ્યાન સહાય આપવાની છે. આ અંગેના અરજીપત્રકો તા. ૨૭-૧-૨૦૧૯ થી તા. ૧૦-૩-૨૦૧૯ સુધી નીચેના સ્થળોએથી આપવામાં આવશે. જરૂરી વિગતો ભરી આપ તા. ૧૦-૩-૨૦૧૯ સુધી અરજીપત્રકો આપી શકો છો.

**સ્થળોઃ**

૧) **શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ** : ૪૫-૪૯ બાલકૃષ્ણ કૃપા, ૧લે માળે, બાબુ ગેનુ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨

૨) **શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ** : ૮/૯ મહેતા હાઉસ, બીજે માળે, પંડિત રમાબાઈ રાનડે રોડ, ભારતીય વિદ્યા ભવનની સામે, ચોપાટી, મુંબઈ - ૪૦૦૦૦૭

૩) **મે. શૈલેશ ટયુબ એન્ડ હાર્ડવેર માર્ટ**ઃ ૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, બીજે માળે, મુંબઈ - ૪૦૦૦૦૩

૪) **શ્રી મણીકાંતભાઈ કડકીઆ**ઃ મોટા મંદિરની સામે, બજાર, બાલાસિનોર **સંયોજક - યોગેશ ધારીયા**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.

**(૧) ઈકો કેમ્પ :** તા. ૧૩-૧-૨૦૧૯ ના રોજ યોજવામાં આવેલ. કુલ ૫૬ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

**(૨) છારી કાઢવાનો કેમ્પ :** તા. ૧૮-૦૧-૨૦૧૯ ના રોજ યોજવામાં આવેલ. કુલ ૧૪ દર્દીઓની આંખમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

**શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલમાં ઓક્ટોબર ૧૮ થી ડીસેમ્બર ૧૮ના માસ સુધી થયેલ ઓપરેશન.**

**ગાયનેક :** મેજર ૧૬૭ અને માઈનોર ૧૨, **સર્જીકલ :** મેજર ૩૨, અને **માઈનોર** ૫૨, **આંખ :** માઈનોર ૨૬૬

**દાતાશ્રીઓનો સન્માન સમારંભ :**

કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટનો વર્ષ ૨૦૧૮-૧૯નો દાતાશ્રીઓનો સન્માન સમારંભ આગામી તા. ૧૪-૩-૨૦૧૯ને ગુરૂવારના રોજ સવારે ૯.૦૦ કલાકે શ્રી કે. એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) ના પટાંગણમાં યોજવામાં આવશે. સર્વ બાલાસિનોરવાસીઓને આ સમારંભની શોભામાં અભિવૃદ્ધિ કરવા ટ્રસ્ટ વતી અમારું ભાવભીનું હાર્દિક આમંત્રણ છે.

આ પ્રસંગે સર્વને 'કમળાબેન શાંતિલાલ પરીખ (કુવાવાળા) સુપર સ્પેશ્યાલીટી સેન્ટર' ની મુલાકાત લેવા પણ અમારી વિનંતી છે.

**શ્રી કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટમાં વધુ નોધાયેલા દાન :**

૧. શ્રી મનુભાઈ ચીમનભાઈ શાહ (વ્હાવાળા) રૂા. ૧૦૦૧૧૧/-

૨. શ્રી નરેન્દ્રભાઈ પરોસત્તમભાઈ પટેલ રૂા. ૫૧૦૦૦/-

**ડીમ્પલ રૂપેશ પરીખ દર્દી આર્થીક રાહત મિતિ યોજના હેઠળ નીચે મુજબના દાતાશ્રીઓ તરફથી દાન/વચન મળેલ છે.**

૧. અશ્વિનભાઈ બેચરભાઈ પટેલ રૂા. ૧૧૦૦૦/-

**શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ – માનદ્ મંત્રીશ્રીઓ**

---

# વાડિસનોર પ્રગતિ સમાજ કો.ક્રે. સો. લિ.

હાલમાં જ શેર હોલ્ડર પાસે સોસાયટીનાં રૂા. ૫૦૦ કે તેથી ઓછા મુલ્યના શેર હશે તેને વધારાનાં શેરો આપવામાં આવશે. (કુલ રૂા. ૧૦૦૦ સુધીનાં શેરો જ આપવામાં આવશે.) ઈચ્છુક શેર હોલ્ડરે લેખિત અરજી ચેક સાથે ઓફીસનાં સમય દરમ્યાન કરવાની રહેશે. શેરોની ફાળવણી વહેલો તો પહેલો ના ધોરણે કરવામાં આવશે.

**ખાસ નોંધ :** આ ઓફર મર્યાદિત સમય પુરતી જ છે અને વિના નોટીસે બંધ કરવામાં આવશે.

**વાડાસિનોર પ્રગતીસમાજ કો.ક્રે. સો. લિ. વતિ**

**માનદ્ મંત્રીઓ – શ્રી મંજુલ શૈલેષકુમાર ધારિયા તથા શ્રી નિતિન પ્રવિણચંદ્ર ગાંધી**

# પ્રકીર્ણ વિભાગ

## નવા સરનામા

- **શ્રી કનુભાઈ મગનલાલ ધારીયા**
  વ્રજ રેસીડન્સી, ૬૦૨, વિ.એલ.સાવંત માર્ગ,
  ભરડાવાડી રોડ, કાલીમાતા મંદિર પાસે,
  અંધેરી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૦૫
- **હેતલ સુરેન્દ્ર મોદી (પરચુરણ)**
  **નિકીતા હેતલ મોદી (નાસિકવાલા)**
  ગબાડીયા હોમ્સ
  ફલેટ નં. ૨૦૪, બી-વિંગ, હેમુકલાની રોડ નં-૪,
  ઈરાની વાડી, કાંદિવલી (પશ્ચિમ), મુંબઈ -૬૭
  **મો. :** ૯૮૨૦૫૧૬૧૨૯ / ૯૮૩૩૩૯૮૭૬૫

## તેજસ્વી તારલા

- **બ્રિંદા સમીર પરીખ (જુનાગઢવાળા)** C.A. Final પરીક્ષામાં ઉત્તીર્ણ થયા છે.

  સંસ્થાવતી હાર્દિક અભિનંદન.

## મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ✤ હર્ષદકુમાર મુળજીભાઈ ધારીઆ (દાઉદીયા) | ૬૯ |
| ✤ પ્રવીણચંદ્ર ચંદુલાલ કડકીઆ (ખીસાદાર) | ૮૪ |
| ✤ મુકેશ રમણલાલ પરીખ (લક્ષ્કાપારેખ) | ૭૦ |
| ✤ વસંત દીનકરલાલ શાહ | ૮૦ |
| ✤ નવનીતલાલ ચંદુલાલ પરીખ (તાતીયા) | ૮૪ |

**પ્રભુ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**દુનિયાનું સૌથી સારું પુસ્તક**
**ખુદ આપણે જ છીએ**
**પોતાને સમજી લ્યો એટલે**
**બધી જ સમસ્યાનું**
**સમાધાન થઈ જાય**